આજનો સુવિચાર

તમારી ભૂલ સ્વીકારતા શીખો કારણ કે હંમેશા સામેની વ્યક્તિ જ ખોટી નથી હોતી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૯૩ જૂનાગઢ તા.૦૨-૦૪-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 93, Junagadh : Date : 02 April, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ચૂંટણી દરમ્યાન ગરમી હાહાકાર મચાવશે : ૮ દિવસ સુધીના હીટવેવ આવશે

## ભીષણ ગરમીને કારણે મતદાન પર અસર થવાની સંભાવના : એપ્રિલથી જૂન દરમ્યાન ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશમાં તિવ્ર ગરમી પડશે




નવી દિલ્હી તા.૨

ગુજરાત સહીતનાં રાજયોમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને કારણે બે દિવસથી આકરી ગરમીમાં થોડી રાહત થઈ છે.પરંતુ જુન મહિના સુધી દેશભરનાં મેદાની ભાગોમાં સામાન્ય કરતા વધુ અગનવર્ષા થવાની તથા લુ ફુંકાવાની ચેતવણી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગનાં વડા મૃત્યુંજય મહાપાત્રેએ જણાવ્યું હતું કે એપ્રિલથી જુનમાં મોટાભાગનાં ક્ષેત્રોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે. ભીષણ ગરમી પડશે અને આ સમયગાળા દરમ્યાન ૧૦થી ૨૦ દિવસ તિવ્ર લુ ફુંકાવાની સંભાવના છે. પશ્ચિમ હિમાલીયન ક્ષેત્ર, પૂર્વોતર રાજયો તથા ઉતરીય ઓડીશાનાં કેટલાંક ભાગોમાં તાપમાન સંબંધી બદલાવ શકય છે.

હવામાન વિભાગની આગાહીમાં એમ કહેવામાં આવ્યું છે કે ત્રણ મહિનાનાં આ સમયગાળામાં આકરી ગરમી-લુની સૌથી વધુ અસર ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, ઓડીસા, ઉતરીય છતીસગઢ તથા આંધ્રપ્રદેશમાં રહેવાની સંભાવના છે.જયારે પશ્ચિમ હિમાલયન ક્ષેત્ર, પૂર્વોતર રાજયો તથા ઉતરીય ઓડીશામાં તાપમાન નોર્મલ કરતાં નીચુ રહી શકે છે. ચાલૂ એપ્રિલ મહિનામાં દેશનાં મોટાભાગનાં ક્ષેત્રોમાં તાપમાનનો પારો નોર્મલ કરતા વધુ ઉંચો રહેવાની શકયતા છે અને મધ્ય-દક્ષિણ ભારતમાં તેની સૌથી વધુ અસર રહેશે. આ ક્ષેત્રોમાં હીટવેવનો ગાળો પણ મોટો રહેવાની આશંકા છે અર્થાત સામાન્ય રીતે ૧ થી ૩ દિવસ રહેતી હીટવેવ ૨ થી ૮ દિવસ સુધી રહી શકે છે. હવામાન વિભાગની ભીષણ ગરમીની આગાહી ઘણી ગંભીર ગણી શકાય તેમ છે. કારણ કે આ સમયગાળા દરમ્યાન જ ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે અને તેનાં પરીણામો જાહેર થવાના છે. ચૂંટણીનાં પ્રથમ બે તબકકાની પ્રક્રિયા શરૂ પણ થઈ ગઈ છે. પ્રથમ તબકકાનું મતદાન ૧૯ એપ્રિલે યોજાવાનું છે અને અંતિમ સાતમા તબકકાનું ૧ જુને થનાર છે. ૪ જુને મત ગણતરી થવાની છે.

લોકસભાની ચૂંટણીના તમામ સાત તબકકા દરમ્યાન ભીષણ ગરમી રહી શકે છે. તેની મતદાન પર અસર થવાની આશંકા પણ સ્પષ્ટ છે. જોકે, આકરી ગરમીથી મતદારોનું રક્ષણ કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકોએ તબીબી સ્ટાફથી માંડીને વિવિધ સુવિધા વ્યવસ્થા રાખવાના આદેશો કરવામાં આવ્યા છે. છતાં આકાશમાંથી વરસતી અગનવર્ષાને કારણે લોકો ઘર બહાર નિકળવાનું ટાળે તો મતદાન પર અસર થવાની ભીતિ તો છે જ.

# ઈડી સહિતની એજન્સીઓની કાર્યવાહીથી ચૂંટણીપંચ ધર્મસંકટમાં મુકાયું

નવી દિલ્હી તા.૨

લોકસભા ચૂંટણી પુર્વે જ વિપક્ષના નેતાઓ પર એન્ફોર્સમેન્ટ એજન્સીના દરોડા-વિપક્ષ નેતાઓની ધરપકડો તથા મુખ્ય વિપક્ષ કોંગ્રેસના બેંક ખાતા ફ્રિઝ કરવા સહિતની બોલાવાઈ રહેલી ધોસથી ચુંટણીમાં વિપક્ષો માટે લેવલ પ્લેઈંગ-ફિલ્ડ-સૌને સમાન તક મળતી નથી તેમાં વિપક્ષની સતત ફરિયાદ અને સુપ્રીમ કોર્ટ સુધી જવાની તૈયારી વચ્ચે હવે ચુંટણી પંચ ધર્મસંકટમાં ફસાય તેવા સંકેત છે.


એક તરફ જે કેન્દ્રીય એજન્સીઓ કામગીરી કરી રહી છે તેને અદાલતો દ્વારા પણ સમર્થન મળી રહ્યું છે અને કસ્ટડી-જેલવાસ અંગે પણ અદાલતી આદેશ મુજબ કામ થઈ રહ્યું છે તેમાં ચુંટણીપંચ કઈ રીતે દરમ્યાનગીરી કરી શકે તેના પર પંચની બેઠકમાં વિચારણા થઈ હતી તેવા સંકેત હતા.

વિપક્ષોએ રામલીલા મેદાનમાં ચુંટણી પંચ સમક્ષ પાંચ મુદાનું ચાર્ટર પણ રજૂ કર્યુ હતું અને ચૂંટણીપંચે તેનો પ્રતિભાવ આપવો પડે તો પણ તે સંયમીત હશે. ૨૦૧૯માં ચૂંટણીપંચ સમક્ષ આ પ્રકારની દ્વીધા આવી હતી.

જેમાં તેણે એન્ફોર્સમેન્ટ વિભાગને તટસ્થતાની કામગીરી કરવા સલાહ આપી હતી. ચૂંટણીપંચ એવી છાપ ઉભી કરવા માંગતુ નથી કે તે ન્યાયતંત્ર કે કેન્દ્રીય એજન્સીઓના કામમાં દખલ કરી રહી છે તો બીજી તરફ એ સંદેશ પણ જાય તેવું ઈચ્છતી નથી. ચુંટણીમાં લેવલ પ્લેઈંગ ફિલ્ડ તમામને સમાન તક કે અવસર આપવામાં પંચ નિષ્ફળ ગયું છે.

જે રીતે કેજરીવાલની ધરપકડ મુદે આંતરરાષ્ટ્રીય પ્રત્યાઘાતો પડયા છે તેને ભલે સરકાર ફગાવતી હોય પણ તે ભારતની ઈમેજને અસર કરી શકે છે. કેજરીવાલની ધરપકડ કે કોંગ્રેસના બેંક ખાતા ફ્રીઝ કરવા મુદે હજું સુધી અદાલતી ચુકાદાઓજ આખરી રહ્યા છે તેથી પંચ તેમાં કેન્દ્રીય એજન્સીઓની દખલ દલીત ગણાશે નહી કે તે અન્યાયી રીતે વર્તે છે તે કહી શકે નહી.

# લોકસભાની ચૂંટણીમાં તમામ વીવીપેટ કાપલીઓની ગણતરી કરવાની માંગણી સાથે સુપ્રિમ કોર્ટમાં અરજી



## સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ચૂંટણીપંચ પાસે જવાબ માંગ્યો

નવી દિલ્હી, તા.૨

ચૂંટણીના પરિણામોમાં ઈવીએમ મશીન સામે સવાલો ઉઠી રહયા છે ત્યારે આગામી લોકસભાની ચૂંટણીમાં ઈવીએમની સાથે વીવીપેટની બધી જ ચિઠ્ઠીઓની ગણતરી કરવામાં આવે તેવી અરજી એક સામાજિક કાર્યકર્તાએ સુપ્રીમ કોર્ટમાં ઉઠાવતા આ મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ચૂંટણી પંચ પાસે જવાબ માગ્યો છે.

વોટર વેરિફિએબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપીએટી) વોટ વેરિફિકેશન પ્રણાલી છે જે મતદાતાને એ જોવાની મંજુરી આપે છે કે તેનો વોટ તે ઉમેદવારને ગયો છે કે નહીં જેને તેણે વોટ આપ્યો છે. વીવીપેટથી ઈવીએમ મશીનથી કાગળની એક ચિઠ્ઠી નીકળે છે જેમાં મતદાતા જોઈ શકે છે કે તેણે કોને મત આપ્યો છે ?

આ બધી ચિઠ્ઠીઓ એક સીલબંધ ડબ્બામાં રાખવામાં આવે છે અને વિવાદની સ્થિતિમાં તેને ખોલવામાં આવે છે. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ સંદીપ મહેતાની પીઠે ચૂંટણીમાં બધી વીવીપેટ ચિઠ્ઠીઓની ગણતરી કરવાનો અનુરોધ કરનાર સામાજિક કાર્યકર અરુણકુમાર અગ્રવાલના વકીલોની દલીલ પર ધ્યાન આપ્યા બાદ અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. આ મામલે આગામી સુનાવણી ૧૭મેએ મુકરર કરી છે.

# કોંગ્રેસની જેમ આપનું બેંક ખાતું પણ ફ્રીઝ કરવા થઈ રહેલી તૈયારી

નવી દિલ્હી તા. ૨ : કોંગ્રેસની જેમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પણ ગમે ત્યારે આમ આદમી પાર્ટીનું ખાતું પણ જપ્ત કરી શકે છે. દિલ્હી લિકર પોલિસીઃ સીએમ અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને સંજય સિંહ જેલમાં છે. હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ આમ આદમી પાર્ટીને આરોપી બનાવવાની તૈયારી કરી રહ્યું છે. ડિરેક્ટોરેટ ઓફ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ આમ આદમી પાર્ટીને આરોપી બનાવતાની સાથે જ એકાઉન્ટ તરત જ જપ્ત કરવામાં આવશે. તેવી જ રીતે પાર્ટીની મિલકતો પણ જપ્ત કરી શકાય છે.

કોંગ્રેસ પાર્ટીનું ખાતું આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યું છે, જયારે આમ આદમી પાર્ટીનું ખાતું પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ જપ્ત કરવામાં આવશે. આવકવેરા વિભાગે કોંગ્રેસ પાર્ટી વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ આમ આદમી પાર્ટી વિરૂદ્ધ કાર્યવાહી કરશે. અધિનિયમ મુજબ, કાર્યવાહીમાં પક્ષકારની સમગ્ર મિલકત અને ખાતાઓ જોડી શકાય છે.

# અમદાવાદમાં ક્ષત્રિયો મેદાનમાં આવ્યા રૂપાલા હટાવો, દેશ બચાવોનાં નારા લાગ્યા

અમદાવાદ તા.૨

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી ટિપ્પણીએ રાજ્યભરમાં ઉગ્રરૂપ ધારણ કર્યું છે. પુરુષોત્તમ રૂપાલા સામે ઠેર-ઠર ક્ષત્રિય સમાજ વિરોધ નોંધાવી રહ્યો છે. ત્યારે આજે ૨ એપ્રિલના રોજ અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે ક્ષત્રિય સમાજના અલગ-અલગ સંગઠનના લોકો પહોંચ્યા હતાં. સૂત્રોચાર સાથે હાથમાં બેનર લઈને રૂપાલા સામે વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં ક્ષત્રિય સમાજની મહિલાઓ પણ જોડાઈ હતી. અમદાવાદ કલેક્ટર કચેરીની બહાર ૨૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ બંદોબસ્તમાં રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાના વિરોધમાં રેલી કાઢવામાં આવી છે. બત્રીસી ભવનથી કલેક્ટર કચેરી સુધી ક્ષત્રિય સમાજની રેલી યોજાઈ હતી. આ રેલીમાં ૧ હજારથી વધુ ક્ષત્રિયો જોડાયા હતાં. રેલીમાં રૂપાલા હટાવો, દેશ બચાવોના નારા લાગ્યા હતાં. કલેક્ટર કચેરીમાં મહિલાઓને સાથે રાખી કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.

આ મામલે સમાજના આગેવાન ઋતુરાજસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, રૂપાલાએ ક્ષત્રિય સમાજની મહિલાઓનું અપમાન કર્યું છે. ભાજપ જે રામના નામે વોટ માંગે છે, તે રામ પણ ક્ષત્રિય સમાજના હતાં. ક્ષત્રિય સમાજની એક જ માંગ છે કે, રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે. અત્યારે સરકારની બેઠક ચાલી રહી છે, તેમાં ક્ષત્રિય સમાજના તમામ આગેવાનોને બોલાવવામાં આવ્યા નથી. સરકાર સાથે કોઈપણ સંજોગમાં સમાધાન કરવામાં નહીં આવે. રૂપાલાને લોકસભાની ચૂંટણી લડાવવામાં આવશે તો ક્ષત્રિય સમાજ વિરોધ કરશે.

## ભાજપ હાઈકમાન્ડ રૂપાલાને બદલવાનાં મુડમાં નથી : અન્ય બેઠકો પર અસંતોષ વકરી શકે

# રૂપાલા વિવાદને શાંત પાડવા ભુપેન્દ્ર પટેલ, સી.આર. પાટીલ દ્વારા ભાજપનાં ક્ષત્રિય નેતાઓ સાથે બેઠકોનો દોર

ગાંધીનગર, તા. ૨

લોકસભાની ચૂંટણીમાં રાજકોટની બેઠક પરનાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિશે જ વિવાદાસ્પદ વિધાનોનો વિવાદ વધુને વધુ સ્ફોટક બની રહ્યો છે ત્યારે હવે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ મેદાને આવ્યા છે. દિલ્હીથી પરત ફરતાવેંત તેઓએ ભાજપના ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક યોજના અનેકવિધ રાજકીય તર્કવિતર્ક થઈ રહયા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગઈકાલે દિલ્હી ગયા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળ્યા હતા. રાજકોટના ઉમેદવાર પરસોતમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિશેના વિવાદાસ્પદ વિધાનોથી સર્જાયેલી હાલત અંગે તેઓએ વડાપ્રધાનને વાકેફ કર્યા હોવાનું કહેવાય છે. રાત્રે દિલ્હીથી પરત ફર્યા બાદ આજે ભાજપના સક્રિય આગેવાનો સાથે બેઠક રાખતા રાજકીય ચર્ચાએ જોર પકડયું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ભાજપના ક્ષત્રિય નેતાઓ ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કિરીટસિંહ રાણા, બળવંતસિંહ રાજપૂત, જયરાજસિંહ રાણા વગેરે સાથે બેઠક કરી હતી. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. ક્ષત્રિય નેતાઓને જ મીટીંગમાં તેડાવાયા હોવાથી રૂપાલા વિવાદ વિશે બેઠક યોજવામાં આવી હોવાનું સ્પષ્ટ છે. એવી રાજકીય ચર્ચા છે કે રૂપાલા-ક્ષત્રિય સમાજના વિવાદમાં કઈ રીતે સમાધાન શકય બને તે વિશે બેઠકમાં ચર્ચા કરવામાં આવનાર છે.

બીજી તરફ ભાજપ હાઈકમાન્ડ રૂપાલાને બદલવાનાં મુડમાં નથી. બે બેઠકો પર અગાઉ ઉમેદવાર બદલનાર ભાજપને ડર છે કે, જો હવે રૂપાલાને બદલવામાં આવે તો અન્ય બેઠકો પર પ્રવર્તતો અસંતોષ વકરી શકે છે અને સત્તાવાર ઉમેદવારોનાં વિરોધીઓ જોરમાં આવી શકે છે.

# સિરીયા સ્થિત ઈરાની દૂતાવાસ પર ઈઝરાયેલનો હવાઈ હુમલો : ૧૧નાં મોત

દમિશ્ક (સીરિયા) તા.૨

સીરિયાની રાજધાની દમિશ્કમાં ઈરાની દુતાવાસ પરિસરમાં બનેલી મહત્વની ઈમારતમાં ઈઝરાયેલે હવાઈ હુમલા કરતાં સૈન્ય સલાહકાર સહીત ૧૧ લોકોના મોત થયા છે. આ હુમલામાં ઈમારત પુરી રીતે બરબાદ થઈ ગઈ હતી. અહેવાલો મુજબ આ હુમલામાં ઈરાનના સૈન્ય સલાહકાર જનરલ મુહમ્મદ અલ રેની જાહેદી સહીત ૧૧ લોકોના મોત થયા છે. આ સિવાય અનેક લોકો ઘાયલ થયા છે. બ્રિટન સ્થિત યુદ્ધ પર વોચ રાખતી સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટસે કહ્યું હતું કે ઈરાન ગાર્ડનાં સભ્યો સહીત ૧૧ ના મોત થયા છે.


:: ફલેટ વેચવાનો છે ::

2 BHK ડાઈનીંગ, ફુલ ફર્નીચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે.
નોબલ ટાવર, નહેરૂપાર્ક
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો






તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો







તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪






જુનાગઢથી ડેઈલી ફાસ્ટ સર્વિસ
જુનાગઢ - સાબલપુર - તાલાલા - વેરાવળ - સુત્રાપાડા - પ્રાંચી - કોડીનાર - ડોળાસા - ઉના - દીવ - ટીંબી - ધોકડવા - ગીર ગઢડા
બાઈક | મશીનરી | બોકસ | ફર્નિચર | ખારી બોકસ | વેફર્સ કાર્ટુન | પેપર સ્ટેશનરી | પ્લાસ્ટીક આઈટમ | રમકડાં | કપડાં
CALL : 99097 06464
મહાસાગર ટ્રાવેલ્સ ઓફિસની બાજુમાં, ગાંધી ચોક, જૂનાગઢ.

# પ્રાચી તીર્થ ખાતે ઈન્ડિયન નેવી એસએસઆરની તાલીમ પુર્ણ કરી માદરે વતન આવતા સ્વાગત



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨

તાલાળા તાલુકાના જમાલપરા ગામના ખેડૂત પરિવારમાંથી આવતા લાલજીભાઈ વાજા ના સુપુત્ર હિરેનભાઈ લાલજીભાઈ વાજા આજે ઈન્ડિયન નેવી એસ એસ આર ની તાલીમ પુર્ણ કરી માદરે વતન આવતા સ્વાગત ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું કરાયું ભવ્ય બાઈક રેલી સાથે ડીજે ના તાલે દેશભક્તિ ના ગીત સાથે ઘંટીયા ફાટકથી હાઈવે રોડ ઉપર પ્રાચી કોળી સમાજ વંડી ખાતે સમાજના આગેવાનો દ્વારા ફુલહાર દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું આતકે કોળી સમાજ ટ્રસ્ટના પ્રમુખ મેરામણભાઈ વાજા, રામભાઈ બામણીયા સરપંચ,કોળી સેના ગ્રામ્યના પ્રમુખ દેવેન્દ્રભાઈ સોલંકી, દેવશીભાઈ કામળીયા સુત્રાપાડા, ચંદુભાઈ સેવરા સરપંચ, ખીમભાઈ વાજા, કરસનભાઈ વાજા, ઉકાભાઈ સોલંકી સહિતના આગેવાનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા ત્યારબાદ માદરે વતન જમાલપરા ગામ ખાતે રેલી જવા નીકળી હતી.

(તસવીર : જાદવ ચુડાસમા)

# યાત્રાધામ દ્વારકા દર્શનાર્થે આવેલા તલાલાના વિદ્યાર્થી યુવાનનું ડૂબી જવાથી કરૂણ મૃત્યું





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨

જૂનાગઢ જિલ્લાના રહીશ અને ધોરણ ૧૨ની પરીક્ષા દઈને ગઈકાલે દ્વારકા દર્શને આવેલ વિદ્યાર્થીનું ગોમતી નદી સામેના સમુદ્રમાં ડૂબી જવાના કારણે લાપતા બન્યા બાદ વહેલી સવારે તેનો મૃતદેહ મળી આવ્યો છે. આ કરૂણ બનાવની જાણવા મળતી વિગત મુજબ ગઈકાલે સોમવારે જુનાગઢ જિલ્લાના તાલાલા ખાતે રહેતો જય ભવસિંગભાઈ પરમાર નામનો યુવાન દ્વારકાના પંચ કુઈ નજીક ગોમતી ઘાટ સામે દરિયામાં ન્હાવા પડ્યા બાદ પાણીમાં લાપતા બની ગયો હતો. આ યુવાનનો મૃતદેહ આજે સવારે આશરે ૨૨ કલાકની જહેમત બાદ મળી આવ્યો હતો. ગઈકાલે સોમવારે સવારે ગોમતી નદીના રામઘાટ સામે જુનાગઢ જિલ્લાનાં તલાલાના અનીડા ગામનો જય પરમાર નામનો યુવાન ધોરણ ૧૨ની પરીક્ષા આપીને તેના દસ જેટલા મિત્રો સાથે દ્વારકા આવ્યો હતો. ત્યારે મિત્રો સાથે દરિયાના પાણીમાં નહાવા પડ્યા બાદ અન્ય મિત્રો બહાર નીકળી ગયા હતા. પરંતુ જય પરમાર દરિયામાં ગરકાવ થયો હતો. આથી દ્વારકા નગરપાલિકાની ફાયર ટીમના સ્ટાફ દ્વારા તેને શોધવા અવિરત રીતે જહેમત ઉઠાવવામાં આવી હતી. પરંતુ ગઈકાલે તેનો પતો લાગ્યો ન હતો. ત્યારે આજે વહેલી સવારે આ મૃતદેહને પાલિકાની ફાયર ટીમે બહાર કાઢ્યો હતો. ત્યાર બાદ આ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ લઈ જવાયો હતો.

આ કરૂણ બનાવથી મૃતકના પરિવારજનોમાં ઘેરો આક્રંદ છવાયો હતો. ત્યારે જય પરમાર તેમના પિતાનો એકનો એક દીકરો હોવાનું તથા તેના પિતા ખેત વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું પણ જાણવા મળ્યું છે. આ બનાવે દ્વારકા પંથકમાં ભારે અરેરાટી પ્રસરાવી છે.

# ચ્યવન ઋષિ આશ્રમ સુત્રાપાડા ખાતે ચાલી રહેલ શ્રી શિવ મહા પુરાણ કથા જ્ઞાનયજ્ઞ લાભ લેતા ભાવિકો






(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨

ચ્યવન ઋષિ આશ્રમ સુત્રાપાડા ખાતે શ્રી શિવ મહાપુરાણ કથા જ્ઞાનયજ્ઞ પાવન કથા નું ભક્તિમય વાતાવરણમાં સંગીત ની સાથે પોતાની ભાવશેલી વાણીમાં વ્યાસપીઠ ઉપરથી શાસ્ત્રી શ્રી અશોકભાઈ ભટ્ટ રાજકોટવાળા કરાવી રહ્યા છે આ કથા નો આજુબાજુના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં કથાનો રસપાન કરી રહ્યા છે ત્યારે શિવપુરાણ માં માર્મિક દ્રષ્ટાંતો દ્વારા જીવમાંથી શિવ બનવા માટેના પ્રયાસો માનવે કરવા જોઈએ આ છ દિવસની કથામાં શિવલિંગનું પ્રાગટ્ય કથા તથા નારદજીનો મોહ અને સતી ચરિત્ર કથા તેમજ શિવ વિવાહ નો પ્રસંગ અને મહોત્સવ પણ ઉજવવામાં આવેલ હતો જેનો ભાવિક ભક્તોએ ઉત્સાહથી ભાગ લીધો હતો કુમાર ખંડમાં કાર્તિક સ્વામીની ઉત્પતિ ની કથા દ્વારા કથાનો રસપાન શાસ્ત્રીજી કરાવી રહ્યા છે ત્યારે રાત્રિના સમયે પણ ટપા કીર્તન લોક ડાયરા ના કાર્યક્રમો પણ યોજાયેલા હતા હજુ પણ બુધવાર સુધી આ કથા પારાયણ થઈ રહ્યો છે ત્યારે ભાવિક ભક્તોને લાભ લેવા સમસ્ત સુત્રાપાડા શહેર તેમજ શ્રી ચ્યવન ઋષિ સેવા સમિતિ સુત્રાપાડા ખૂબ જહેમત ઉઠાવી અને પ્રસંગને દિવ્ય અને ભવ્ય બનાવી રહ્યા છે.

(તસવીર : જાદવ ચુડાસમા)

# કેશોદના અજાબ ગામે સર્વ રોગ નિદાન તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨

કેશોદના અજાબ પટેલ સમાજ ખાતે સ્વ.પુષ્પાબેન નરશીભાઈ વડારીયા ના સ્મરાથે સર્વ રોગ નિદાન કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પનું ઉદ્ઘધાટન જીલ્લા પંચાયતના સદસ્ય ધર્મિષ્ઠાબેન કમાણી તેમજ મગનભાઈ લાડાણી ના હસ્તે કરવામાં આવ્યું હતું.વડારીયા પરિવાર દ્વારા ડોક્ટરોને મોમેન્ટો આપી ને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું અને સમાજ માં દાખલો બેસાડવા માં આવ્યો એ આપડે ખોટા ખર્ચ ને બદલે આપણા કોઈપણ પ્રસંગ માં આવી રીતે સમાજ સેવા પણ કરી શકીએ અને લોકોમાં જાગૃતિ આવે એવો દાખલો બેસાડવામાં આવ્યો.આ કેમ્પમાં ૩૯૦ દર્દીઓ ને તપાસવામાં આવ્યા હતા. તેમજ ૩૧ બોટલ રક્ત એકત્ર થયું હતું આ કેમ્પમાં ડો.વિપુલ પટેલ, ડો.ચિરાગ જેઠવા, ડો,કરિશ્મા જેઠવા, ડો.અંકુર કણસાગરા, ડો.મેહુલ પરમાર, ડો.મયુર મેઘપરા, ડો.મયંક વાછાણી, ડો.સંદીપ કથીરિયા, ડો,જયસુખભાઈ મકવાણાએ સેવા આપી હતી, આ કેમ્પનું આયોજન મહેદ્રભાઈ વડારીયા, અશોકભાઈ વડારીયા, કિરીટભાઈ વડારીયા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

# રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ૧૦ હજાર ફોર્મ રિજેક્ટ

અમદાવાદ, તા.૨

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત રાજ્યભરમાં ગત ૧૪ માર્ચથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે, જોકે આવકના દાખલાની માથાકૂટને લઈને આ ફોર્મ ભરવાની તારીખ ૩૦ માર્ચ સુધી લંબાવવામાં આવી હતી. અમદાવાદમાં અત્યાર સુધીમાં ૩૬ હજાર ફોર્મ ભરાયા છે, જેમાંથી ૧૦ હજાર ફોર્મ રિજેક્ટ થયા છે. ત્યારે આ રિજેક્ટ થયેલા ફોર્મને સુધારણાની તક ત્રણ દિવસ માટે આપવામાં આવી છે. બીજી તરફ શાળા સંચાલક મંડળે રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત સીટો વધારવાની માંગ કરી છે. રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત એડમિશનની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે, ત્યારે અમદાવાદમાં જ ૩૬ હજારથી વધુ વિદ્યાથીઓએ ફોર્મ ભર્યા છે. ૩૦ મી માર્ચ સુધીમાં વિદ્યાથીઓને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હતી, જેમાં ૩૬૦૪૨ વાલીઓએ પોતાના બાળકોના પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભર્યા હતા. આ ફોર્મની સ્ક્રૂટીની થયા બાદ ૨૫૮૦૦ વિદ્યાથીઓના ફોર્મ એપ્રુવ કરવામાં આવ્યા છે, જ્યારે ૧૦,૦૬૦ વિદ્યાથીઓના ફોર્મ રિજેક્ટ કરવામાં આવ્યા છે. જે વિદ્યાથીઓના આ ફોર્મ રિજેક્ટ થયા છે, તેમને સુધારણા કરવા માટે ૩ દિવસ આપવામા આવ્યા છે. એટલે કે વાલીઓ તેમના ખુટતા ડોક્યુમેન્ટ આગામી ૩જી એપ્રીલ સુધીમાં અપલોડ કરી ફોર્મ સુધારી શકે છે. બીજી તરફ રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા સરકારમાં સીટો વધારવા માટે રજૂઆત કરવામાં આવી છે. શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યુ હતુ કે, ધોરણ ૧માં પ્રવેશ માટે વિદ્યાથીઓની ઉંમર ૬ વર્ષની કરવામાં આવતા ગત વર્ષે વિદ્યાથીઓની સંખ્યમાં મોટો ઘટાડો નોંધાયો છે.

## રાજકોટમાં જશ્ને હઝરત અલી તથા ઝિયારતે તબારૂકાત શરીફનો શાનદાર જલ્સો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

રાજકોટના દુધ સાગર રોડ ઉપર આવેલ મસ્જીદે શહરબાનુ ખાતે આજે તા.૨-૪-૨૦૨૪ મંગળવારે રાત્રે તરાહવીની નમાઝ બાદ જશ્ને મૌલાઅલી મુશ્કીલ કુશા શાનદાર રીતે મનાવવામાં આવશે. જેમાં શેહઝાદએ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ પીરે તરીકત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહેબ નૂરી જૂનાગઢ શાનદાર તકરીર ફરમાવશે. ત્યારબાદ હઝરત મૌલા અલી તેમજ હઝરત ઈમામે હસન, હઝરત ઈમામે હુસૈનના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવશે. સર્વે મુસ્લીમ બિરાદરો બહોળીફ સંખ્યામાં હાજરી આપી સવાબે દારૈન હાસલકરશો.

# ઉના બસ સ્ટેશનમાં નિયમીત સફાઈ કરવા માંગ

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨

અમરેલી એસ.ટી. ડિવિઝન હેઠળ આવેલ ઊના એસ.ટી. ડેપો ના બસ સ્ટેશન માં શુલભ્ શૌચાલય અને મુતરડી આવેલ છે.એસ.ટી. નિગમ દ્વારા તેને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી આ કોન્ટ્રાકરો દ્વાર નિયમિત સફાઈ કરવા મા આવતી નથી, પુરુષો વિભાગ મા યુરિનલ ના પોખારા ના પાઈપો કાઢી નાખવા માં આવેલ છે મુસાફરો ને ખુબ હાલાકી પડે છે. તેમજ સૌચલય મા નિયમિત સફાઈ કરવા મા ન આવતા દુર્ગંધ આવે છે.કોન્ટ્રાકરો ના સંચાલકો દ્વારા એસ.ટી. નિગમ દ્વારા નિયત કરેલ દર કરતાં ઘણો વધુ દર વસૂલ કરવામાં આવેછે મહિલાઓ ને મુતરડી માં જવા માટે પણ રૂપિયા વસૂલ કરવામાં આવે છે. તેમ છતાં સફાઈ નિયમિત કરવામાં આવતી નથી તો ગુજરાત એસ.ટી. નિગમ અને અમરેલી એસ.ટી. ડિવિઝન ના અધિકારીઓ મુસાફરો ને પડતી મુશ્કેલી દૂર કરવા અને નિયમિત સફાઈ કરાય અને નિગમે નક્કી કરેલ સફાઈના દર વસૂલ કરવામાં આવી તેનું જાહેર મા શુલભ્ શૌચાલય પાસે મુસાફરો વાંચી શકાય તે રીતે બોર્ડ મુકવા મુસાફરો ની માગણી ઉઠી છે.

## અક્ષર ધામ પામ્યા



જય શ્રી સ્વામિનારાયણ સહ જણાવવાનું કે અમારા ગુરૂ પરમ પૂજય કોઠારી સ્વામી નારયાણપ્રિયદાસજી-કાલવાણી આરતી પારમહંસધામ-સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ભજન કરતા થકા અક્ષર ધામ પામ્યા છે. અગ્ની સંસ્કારનો સમય બપોરે ૩ કલાકે તા.૨-૪-૨૪ મંગળવાર કાલવાણી મંદિરની વાડીમાં રાખેલ છે.

લી. કોઠારી સ્વામી

કૃષ્ણપ્રિય દાસજી તથા સંત મંડળના તથા ભરતભાઈ સોજીત્રા તથા ડો. ધાર્મિકના જય શ્રી સ્વામિનારાયણ.

# ઉના : મારૂ રાજપુત સમાજનું ગૌરવ





(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨

ઊના તાલુકાના ભાચા ગામની શ્રી મારૂ રાજપૂત સમાજની દીકરી રીટાબેન કશ્યપભાઈ ડાંગોદરાના લગ્ન ગીરગઢડા તાલુકાના અંબાડા ગામે લગ્ન થયેલ અને લગ્ન પછી માતા અને પિતાનું સ્વપ્ન પૂરું કરવા સાસરિયાના સહકારથી ખંત પૂર્વક મહેનત કરી પોલીસમા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર ભરતીની પરીક્ષા આપી હતી જેમાં તે પાસ થઈ હતી અને બાર મહિના સુધી કઠિન તાલીમ મેળવી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર બની જતા તેમનું પહેલું **A.S.I.** તરીકે સુરત શહેર પોલીસમાં પોસ્ટિંગ થતા ફરજ ઉપર હાજર થયા હતા. તેમના પરિવાર દ્વારા અંબાડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં ભણતા ૩૦૦ વિદ્યાર્થીઓને શૈક્ષણીક કીટ, પાણીની બોટલ, અને ચોકલેટ આપી બાળ પુરુસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું.

# ૨જી એપ્રિલ વર્લ્ડ ઓટીઝમ ડે

## ઓટીસ્ટીક બાળક સામાન્ય બની શકે છે, દવાની સાથે ડાયેટ-કસરત પણ મહત્વનો ભાગ ભજવે છે

૨૦,૦૦૦ થી વધુ દેશ-વિદેશના બાળકોની સારવાર કરી તેમાંથી ૭૦% બાળકોને મેઈન સ્ટ્રીમમાં લાવ્યા છે. ઓટીઝમ સારવારમાં દેશમાં મહત્વનો ભાગ ભજવનારા અમદાવાદના ડો. કેતન પટેલ જણાવે છે કે, હોમિયોપેથી થકી ૧૨૦ દિવસની સારવારમાં બાળકમાં સુધારો જોવા મળે છે ત્યારબાદ દર ૩૩ દિવસમાં સુધારા થતો જોવા મળે છે જે માટે ધીરજ સાથે બાળકને ૨૪ થી ૩૬ મહિનાની સારવાર આપવામાં આવે છે. આ પૈકી જે બાળકોમાં સુધારો જોવા ન મળ્યો હોય તેવા બાળકોમાં જિનેટિક અને મેટાબોલિઝ્મ રિપોર્ટ કરાવવાનુ કહેવામાં આવે થે. તેમાં જીનેટીક અને મેટાબોલિક છમ્નોર્મલીટી જોવા મળી ને તેના માટે જવાબદાર જીન-રંગસુત્રને ઓળખી તેના લક્ષણો પ્રમાણે સારવારની સાથે જીનેટીશિયન તબીબ જુથ સાથે તેમનું કાઉન્સિલિંગ કરાવવામાં આવે છે. અને તેમની બીમારી વિશે વિગતવાર માહિતગાર કરાય છે.જે ખાસ જરૂરી છે. હોમિયોપેથીક સારવાર આ બીમારીમાં અસરકારક છે જેમ કે બાળકના મગજનો વિકાસ અટકી ગયો હોય તેને દૂર કરી મગજનો વિકાસ કરે છે સાથે સંકળાયેલી બીમારી જેમ કે લીકિગટ સિન્ડ્રોમ,લાઈમ ડીસીઝ, મગજનો સોજો, હેવી મેટલ તેમજ હોર્મોન ઈમ્ બેલેન્સ ને સરખું કરી મગજનો વિકાસ કરે છે. એટલુંજ નહીં સ્પેશિયાલીટી હોમિયોપેથના ડો. કેતન પટેલ જણાવે છે કે, દુનિયાના ડોક્ટરો જો પોતાનું બાળક ઓટિઝમથી પીડિત હોય તો તેને હોમિયોપેથી સારવાર આપવાનું પહેલા પસંદ કરે છે.ભારત દેશમાં દર ૧૫૦ માંથી એક બાળકને ઓટીઝમ જોવા મળે છે. લક્ષણોમાં બોલતું ન હોય, નજર ના મિલાવે, ચીસ પાડી ઊઠે ,અવાજ વધુ સાંભળે, હાથ વધુ હલાવે છે તે માટે ચાઈલ્ડહુડ ઑટિઝમ રેટિંગ સ્કેલ **( CARS)** ટેસ્ટ કરાવવો, જે બાળકોના ડોકટર કે સાયકોલોજિસ્ટ ની સલાહથી કરવામાં આવતા હોય છે. જો આ રિપોર્ટ પોઝિટિવ આવે તો **GLUTEN** ગ્લુટેનન ફ્રી, **GFCF** જીએફસીએફ ડાયેટ તેમજ સુગર ફ્રી ડાયટ જેમ કે, ઘઉં કે જવની વસ્તુ ન આપો, તેવા બાળકની દૂધની બનાવટ એટલે કે પ્રાણીજન્ય મિલ્કની બનાવટ ન આપો, સાથે સાથે રોજ સવાર સાંજ ૬૦ મિનિટ દોડાવવું ચલાવવું કે સાયકલિંગ કરવાથી પરિસ્થિતિમાં સુધારો જોવા મળશે. ઓટિઝમ કેમ દેખાય છે તે સંદર્ભમાં આવા બાળકોને ઓટીઝમ થવાનાં કારણોમાં બાળકોના મગજમાં સોજો ઈન્ફેકશન, કોકવાર આંતરડા પેટ ખરાબ હોય ,માતાના વાળમાં જુ પડી હોય ,ઝેરી જીવડા નું ડંખ ઝેર, લાઈમ ડીસીઝ હોય તેવા બાળકોને સ્વિમિંગ થી લાભદાયકછે, જેનાથી સેલ એક્ટિવ થાય છે ૫૦૦થી વધુ બાળકો સ્વિમિંગ કોચની દેખરેખ હેઠળ સ્વિમિંગ શીખ્યા છે અને સારા પરિણામ પણ મેળવે છે , દવા સાથે અડધો કલાક રનીંગ., સમાજમાં અવેરનેસ માટે ઓટીઝમને વહેલું આઈડેન્ટીફાય કરો, બાળકનું કાઉન્સેલીંગ,સાથે ખોરાક પર ખાસ ધ્યાન આપવું જેમ કે, ગ્લુટેન ફ્રી ખોરાક, **CASEIN FREE DIET** કેસિન ફ્રી ડાયેટ દોડાવો- એક્સરસાઈઝ, બંને તેટલી વહેલી સારવાર કરતા સંપૂર્ણ નોર્મલ થતા ત્રણ વર્ષ લાગે છે અને તે નોર્મલ લાઈફ જીવી શકે છે....ડોક્ટર કેતન પટેલ અમદાવાદમાં હોમિયોપેથીકના અનુભવી ડોક્ટર છે છેલ્લા ૩૨ વર્ષથી તેમની તબીબી સારવારમાં છેલ્લા ૨૧ વર્ષથી તેઓ ઓટિઝમ પર રિસર્ચ સાથે સાથે ઓટીઝમ ધરાવતા અને જીનેટીક ખામી



ધરાવતાં બાળકની સારવાર કરે છે

ભારતભરમાં સાત મોટા શહેરોમાં ઓટિઝમ અને ચાઈલ્ડ ન્યુરોલોજી ડિસઓર્ડર અંગે સેવા આપે છે, હોમિયોપેથીક તબીબ હોવા છતાં મેડિકલ રિસર્ચ પર ભાર મૂકવાની કારણે તેમના પાંચથી વધારે રિસર્ચ પેપર દુનિયાની અગ્રણી મેડિકલ જનરલમાં પ્રકાશિત થયા છે.ઓટીઝમ સારવારમાં રિસર્ચમાં આ પ્રકારનું કામએ ભારત માટે ગૌરવપ્રદ બાબત છે.

## ઝૂડવડલી પ્રાથમિક શાળાનું ગૌરવ

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨

શ્રી ઝુડવડલી પ્રાથમિક શાળા માં અભ્યાસ કરતી દીકરી શિવાંગી જીતુભાઈ ખરા જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા મેરીટ ગુણો થી પાસ થય જવાહર નવોદય વિદ્યાલય માં પ્રવેશ માટે પસંદ થતાં શ્રી ઝુડવડલી પ્રાથમિક શાળા પરિવાર દીકરી ને ખૂબ ખુબ અભિનંદન પાઠવે છે. ગામની કોઈ દીકરી નવોદયમાં પસંદ થાય એ ગામ માટે પણ ગૌરવની બાબત કહેવાય.ખૂબ ખૂબ અભિનંદન. આ દીકરી ક્યાંય ટ્યુશન ક્લાસ પણ કરેલા નથી માત્ર શાળાના શિક્ષકો અને ઘરે કરેલ મહેનતનું આ

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, જૂનાગઢ જીલ્લાનાં ભેસાણ તાલુકાના ગામ પીપળીયા તડકાના રેવન્યુ સર્વે નં. ૧૧૯ (જુના સર્વે નં. ૧૪૬/૧)ની ખેડવાણ ખેતીની પિયત જમીન હે.આ.ચો.મી. ૦-૪૦-૧૧ના ખાતા નં. ૪૩૬ થી શ્રી નારણભાઈ રામજીભાઈ ભેસાણીયાના નામે અને ખાતે અને તેમની માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન મારા અસીલએ ખરીદવા નકકી કરેલ છે. તો સદરહું ખેતીની જમીન પરત્વે કોઈ બેન્કનું કે પ્રાઈવેટ સહકારી સંસ્થાઓ કે અન્ય કોઈનું કરજ, બોજો, માલીકી હક્ક, કબજા, ભોગવટા, વારસાઈ હક્ક, ભરણપોષણ, ટાઈટલ, સાટાખત, ગીરો, લીયન, પરત્વે કોઈપણ વ્યકિતને કોઈપણ જાતના વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન કોઈપણનાં કોઈપણ પ્રકારનાં વાંધા કે તકરાર નહીં આવે તો કોઈપણને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી. અને હોય તો તે સ્વૈચ્છાએ જતા **(WAIVE)** કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું ખેતીની જમીનનો ચુકતે અવેજ ચુકવીને ધારાસર વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી દરેક લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : ભેસાણ તા. ૧-૪-૨૦૨૪

મારા મારફત

સંજય એફ રામાણી( એડવોકેટ)

૧૦-૧૨, ભેસાણ તાલુકા લેઉવા પટેલ સમાજ,

મામલતદાર ઓફીસની સામે, પરબ રોડ,

ભેસાણ. મો. ૯૯૨૫૭૨૯૮૮૪

સહી અવાચ્ય

સંજય એફ. રામાણી

(એડવોકેટ)

# જીલ્લાના ૧૨૯૩૫ દિવ્યાંગ મતદારોને મતદાન નોંધણી કરવા, મતદાન મથક શોધવા, વ્હીલચેરના રજીસ્ટ્રેશન સહિતની સુવિધાઓ અને મદદ પૂરી પાડશે સક્ષમ એપ

જૂનાગઢ, તા.૨

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો તેનો કિંમતી મત સરળતાથી આપી શકે એ માટે ચૂંટણી પંચ દ્વારા સક્ષમ એપની સુવિધા આપવામાં આવી છે. સક્ષમ એપની મદદથી જૂનાગઢ જિલ્લાના ૧૨૯૩૫ દિવ્યાંગ મતદાતાઓ સરળ રીતે મતદાન માટે સક્ષમ બનશે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા ના માર્ગદર્શન હેઠળ દિવ્યાંગ મતદારોને તેમની મતદાનની પવિત્ર ફરજ અદા કરવા મતદારો માટે વિવિધ આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

દિવ્યાંગ મતદારો તેના મતાધિકારને સહજ રીતે અને વધુ સુવિધાભર્યો બનાવવાના ઉદેશથી ચૂંટણી પંચ દ્વારા સક્ષમ એપ તૈયાર કરવામાં આવી છે.૮૬-જૂનાગઢ વિધાનસભામાં ૪૭૦૯, ૮૭- વિસાવદર વિધાનસભામાં ૨૧૮૮, ૮૮-કેશોદ વિધાનસભામાં ૨૦૮૬, ૮૯- માંગરોળ વિધાનસભામાં ૧૫૩૪ અને ૮૫- માણાવદર વિધાનસભામાં ૨૪૧૮ દિવ્યાંગ મતદારો નોંધાયા છે.

આ એપની મદદથી દિવ્યાંગજનો માટે મતદાર ઓળખ અને નોંધણી પ્રક્રિયા સરળ બનશે.તેમજ મતદાન કરવા બુથ પર જવા માટે વ્હીલચેરની પણ આ એપ થકી વિનંતી કરી શકાય છે. મતદાન મથકો અંગેની માહિતી, મતદાન મથકનું સ્થાન, મતદાન મથક ઉપર ઉપલબ્ધ સુલભતા, સુવિધાઓ અને મતદાન અધિકારીઓની સંપર્ક વિગતો પણ એપ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. આ એપ પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગજનો માટે અવાજ સહાય પૂરી પાડે છે. ઉપરાંત સાંભળવાની અક્ષમતા ધરાવતા દિવ્યાંગજનો માટે ટેક્સ્ટ-ટુ-સ્પીચ પ્રદાન કરે છે. દિવ્યાંગજનો એપનો સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે તેમાં મોટા ફોન્ટ્સ અને વિશેષ રંગો જેવી સંખ્યાબંધ સુલભતા સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતી વખતે કોઈપણ દિવ્યાંગજનને પડતી સમસ્યાઓ વિશે તેઓને આ એપ દ્વારા ફરિયાદ પણ દાખલ કરવાની મંજૂરી આપે છે. **Saksham** એપ એન્ડ્રોઇડ અને આઈઓએસ **(ios)** એમ બંને પ્રકારની ઓપરેટિંગ સિસ્ટમ ધરાવતા ફોન પર સરળતાથી ડાઉનલોડ કરી શકાય છે. કોઈ પણ ચૂંટણી સેવાઓની વિનંતી કરવા માટે, પ્રથમ વખત ભાગ લેતા હોય તેવા દિવ્યાંગ મતદારોએ રજિસ્ટ્રેશન કરવા માટે તેમના રાજ્ય, જિલ્લા અને વિધાનસભા મતવિસ્તાર સાથે તેમનું નામ, સરનામું અને મોબાઈલ નંબરની વિગતો પ્રદાન કરવી જરૂરી છે. તેમજ નોંધણી કરેલી હોય તેવા મતદારોએ રજિસ્ટ્રેશન માટે તેમના મતદાર ઓળખપત્રનો **EPIC** નંબર આપવો પડશે. એકવાર રજિસ્ટ્રેશન થઈ ગયા બાદ બૂથ-લેવલના અધિકારી અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે તેમના ઘરે જશે. તે પછી મતદાર ઓળખપત્રો તેમના સરનામાં પર મોકલવામાં આવશે. મતદાન કરવા ઈચ્છતા દિવ્યાંગજન આ એપ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકશે.

# માંગરોળ તાલુકાના વિવિધ ગામોમાં મતદાન જાગૃતિ રેલી યોજાઇ

જૂનાગઢ, તા. ૨

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના વિવિધ ગામોમાં મતદાન જાગૃતિ રેલી યોજાઇ હતી. સમગ્ર રાજયની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ તા.૭ મે ના રોજ મતદાન થનાર છે. ત્યારે ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદારોને જાગૃત કરવા માટે ખાસ મતદાન જાગૃતિ અભિયાન યોજવામાં આવી રહ્યું છે. માંગરોળ તાલુકાના કાંકસા, સુલતાનપુર, ચાખવા ગામે તાલુકા હેલ્થ ઓફિસના કર્મયોગીઓ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ રેલી



યોજી હતી. આ રેલીમાં શાળાના બાળકો ઉત્સાહભેર જોડાયા હતા. અને મતદાન જાગૃતિ અંગેના સંદેશો ગ્રામજનોને આપ્યો હતો.

# જૂનાગઢમાં નંદનવન મેન રોડ ઉપર આવેલ વિજય નગર ટેનામેન્ટ સોસાયટીમાં પાણીની પાઈપલાઈન ફીટ કરાવવા માંગ

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ શહેરમાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની સમસ્યા પણ ઉદભવી રહી છે. દરમ્યાન ખામધ્રોળ રોડ ઉપર નંદનવન મેન રોડ વૈભવ ડુપ્લેક્ષ સામે આવેલ વિજય નગર ટેનામેન્ટ સોસાયટીમાં પાણીની પાઈપલાઈન નાખવાની માંગણી સાથે આ વિસ્તારના રહેવાસીઓએ કમિશ્નરને પત્ર પાઠવી અને રજૂઆત કરી છે.

કમિશ્નરને પાઠવેલા પત્રમાં વિજય નગર ટેનામેન્ટ સોસાયટીના રહેવાસીઓએ જણાવેલ છે કે, હાલમાં કોર્પોરેશન દ્વારા પાણી પુરૂ પાડવા માટે કોઈય જ વ્યવસ્થા ન હોય તેમજ સોસાયટીમાં રહેલા બોરના પાણીનું તળ પણ નિચે જતા ઉનાળાના સમયમાં અમોને ખુબજ મુશ્કેલી પડે છે જેથી અમારા વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન તાત્કાલીક ફીટ કરાવી અને કોર્પોરેશન દ્વારા પાણી પુરવઠો મળતો થાય તેવી રજૂઆત સાથે વિનંતી કરવામાં આવી છે.

# શહીદ સ્મારક ગાર્ડન ખાતેથી એચ.પી. પેટ્રોલ પંપ સુધીનો રસ્તો વનવે જાહેર કરાયો

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ શ્રી નરસિંહ મહેતા સરોવર ડેવલપમેન્ટની કામગીરી શરૂ હોય જાહેર જનતાની સલામતી માટે શહીદ સ્મારક ગાર્ડન ખાતેથી લઈ એચ.પી. પેટ્રોલ પંપ સુધીનો રસ્તો એક માર્ગીય જાહેર કરવામાં આવ્યો છે. જૂનાગઢ જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ એન.એફ. ચૌધરી એ તેમને મળેલ અધિકારની રૂએ નીચે મુજબની અમલવારી કરવા ફરમાન કરવામાં આવ્યો છે. જેમાં શહીદ સ્મારક ગાર્ડનથી એચ.પી પેટ્રોલ પંપ સુધી આ રસ્તો એક માર્ગીય જાહેર કરવામાં આવે છે. શહીદ સ્મારક ગાર્ડન તરફથી એચ.પી. પેટ્રોલ પંપ તરફ જવા ઉપર પ્રતિબંધ રહેશે. એચ.પી. પેટ્રોલ પંપ તરફથી શહિદ સ્મારક ગાર્ડન તરફ જઈ શકાશે. વાહન ચાલકો વૈકલ્પિક રૂટ તરીકે તળાવ દરવાજા રેલવે ફાટક વૈભવચોક એસટી સર્કલ ત્રિમૂર્તિ હોસ્પિટલના રસ્તા નો ઉપયોગ કરી શકશે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તારીખ ૨૧/૫/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

## વર્ષીતપની ઉગ્ર આરાધના કરનાર

# પૂ.કલ્પનાબાઈ મ.સ.આદી ઠાણા-૫નાં આર્શીવાદ મેળવ્યા





જૂનાગઢ, તા.૨

આશરે છેલ્લા ૩૫ વર્ષથી વર્ષીતપની ઉગ્ર આરાધના કરનાર ઉગ્ર તપસ્વી પૂ.કલ્પનાબાઈ મ.સ.આદી ઠાણા- ૫ આપણા સંઘના દાતા સુશીલાબેન શાહના નિવાસસ્થાને પધારતા સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, અલ્પેશભાઈ પરમાર, નાગદાનભાઈ, શાંતાબેન બેસ, પ્રવીણભાઈ જોશી, મનોજભાઈ સાવલિયા વગેરે હોદેદારો દાતા સુશીલાબેન શાહના નિવાસસ્થાને આવી પુજય કલ્પનાબાઈ મ.સ. આદી ઠાણા-૫ ના દર્શનનો લાભ લીધો અને નાગદાનભાઈ રસગુલ્લા,કાજુ લઈને આવેલા હતા તેનો બધાએ પૂજય કલ્પનાબાઈ મ.સ.આદી ઠાણા-૫ ને વ્હોરાવવાનો લાભ લીધો. દાતા સુશીલાબેન શાહનો પૂજય સાધુ-સાધ્વીજી પ્રત્યેનો ભક્તિ ભાવને જોઈ સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા અને અન્ય હોદેદારોએ દાતા સુશીલાબેન શાહનું શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરેલ હતું. ભાવનાબેન દોશીએ સરસ સ્તવન સંભળાવેલુ હતું.

## લોકશાહીના મહાપર્વની સુવાસ ગીરના નેસ સુધી...

# ગીરના અડાબીડ જંગલ વચ્ચે આવેલું કનકાઈ મતદાન મથક

## માત્ર ૧૨૧ મતદારો માટે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરાતી અલાયદી વ્યવસ્થા : મતદાન દરમિયાન વોકીટોકી દ્વારા કરાઈ છે રિપોર્ટીંગ







### જૂનાગઢ જીલ્લાનું સૌથી ઓછા મતદારો ધરાવતું મતદાન મથક....જાણો....શેડો મતદાન મથક વિશે

જૂનાગઢ, તા.૨

ગીરના અડાબીડ જંગલ વચ્ચે એક એવું મતદાન મથક આવેલું છે, જ્યાં માત્ર ૧૨૧ મતદારો છે, જે જૂનાગઢ જિલ્લાનું સૌથી ઓછા મતદારો ધરાવતું મતદાન મથક પણ છે. પ્રાકૃતિક સંપદા અને સૌંદર્યતાની વચ્ચે આવેલ આ મતદાન મથક એટલે ગીર અભયારણ્ય વિસ્તારમાં આવેલ કનકાઈ મતદાન મથક. આ દુર્ગમ વિસ્તારમાં પણ નાગરિકો મતાધિકારના ઉપયોગથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અલાયદી વ્યવસ્થાઓ કરવામાં આવે છે.

આ સંદર્ભે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા જણાવે છે કે, **Every Vote Counts** તેવી ભારતના ચૂંટણી પંચની નેમ છે, ત્યારે ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તાર હેઠળના કનકાઈ મતદાન મથક સહિતના અન્ય શેડો મતદાન મથક માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અલગથી વ્યવસ્થાઓ કરવામાં આવે છે, જૂનાગઢથી અંદાજે ૭૦ કીમી. દૂર આવેલા આ મતદાન મથક ગાઢ જંગલ વિસ્તાર હોવાથી ઈન્ટરનેટ અને મોબાઈલ નેટવર્ક જેવી સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી સેલ ફોન કામ કરી શકતા નથી. ત્યારે મતદાન પ્રક્રિયા દરમિયાન દર બે કલાકે મતદાન ટકાવારીના આંકડાનો રિપોર્ટ કરવાના હોય છે, ઉપરાંત અન્ય ચૂંટણીલક્ષી કામગીરી માટે પણ કોમ્યુનિકેશન ખૂબ જરૂરી હોય છે. આ સંજોગોમાં વાયરલેસ સેટ એટલે કે વોકીટોકી ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીને આપવામાં આવે છે. જેથી સરળતાપૂર્વક કોમ્યુનિકેશન સાધી શકાય.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું કે, દુર્ગમ એવા જંગલ અને પહાડી વિસ્તાર કે, જ્યાં સરળતાથી કોમ્યુનિકેશન સાધવું મુશ્કેલ હોય છે, તેવા મતદાન મથકોને શેડો મતદાન મથક તરીકે જાહેર કરવામાં આવે છે, જૂનાગઢ જિલ્લામાં કનકાઈ ઉપરાંત અન્ય ત્રણ



મતદાન મથકો શેડો મતદાન મથક જાહેર થયેલ છે, આ મતદાન મથકો ગીર જંગલની એકદમ બોર્ડર પર આવેલા છે, જેમાં દુધાળા, માણંદિયા અને રાજપરા ગામનો સમાવેશ થાય છે. ત્યાં પણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, આ શેડો મતદાન મથક ઉપર ચૂંટણી સ્ટાફ મતદાનના અગાઉના દિવસે જ પહોંચી જતો હોય છે, તેમાં કનકાઈ મથક મતદાન મથક સુધી પહોંચવા માટે અંદાજે ૧૫ કીમી જેટલી જંગલમાં સફર ખેડવી પડે છે.

દરેક મતદાર પોતાના મતાધિકારનો સરળતાપૂર્વક ઉપયોગ કરી શકે તે માટે ભારતનું ચૂંટણી પંચ પ્રતિબદ્ધતા સાથે કામ કરે છે. આમ, લોકશાહીના મહાપર્વની સુવાસ દુર્ગમ એવા ગીરના નેસ સુધી પ્રસરે છે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું હતું.

**જાણો....શેડો મતદાન મથકમાં કેટલા છે મતદારો**

કનકાઈ મતદાન મથક હેઠળ ૬૭ પુરુષો અને ૫૪ મહિલા મતદાર સહિત કુલ-૧૨૧મતદારો છે, તેવી જ રીતે ગીર જંગલની બોર્ડર વિસ્તારના શેડો મતદાન મથક એવા માણંદીયામાં ૧૪૮ પુરુષ, ૧૩૪ સ્ત્રી કુલ - ૨૮૨, રાજપરામાં ૫૩૭ પુરુષ, ૫૨૯ સ્ત્રી કુલ - ૧૦૬૬ અને દુધળામાં ૫૯૨ પુરુષ, ૫૯૬ સ્ત્રી કુલ - ૧૧૮૮ મતદારો છે.


**ખાસ અહેવાલ : રોહિત ઉસદડ**

## આગામી હનુમાન જયંતી બાદ

# સાળંગપુરમાં ૫૪ ફૂટની મૂર્તિ ઉપર 4D AR ટેક્નોલોજીથી પ્રોજેક્શન મેપિંગ કરી લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ થશે

સાળંગપુર, તા.૨

સાળંગપુરમાં વિરાજિત શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં દર વર્ષે ભક્તો માટે અલગ-અલગ નજરાણા જોવા મળી રહ્યા છે. હનુમાનજીના ધામમાં દરેક તહેવાર હર્ષોલ્લાસ સાથે ભવ્યાતિભવ્ય રીતે ઉજવાય છે. આ વર્ષે મંદિર પરિસરમાં હનુમાન જયંતી પછી ભક્તો માટે અહીં ૫૪ ફૂટ ઊંચી પંચધાતૂમાંથી બનેલી ‘‘કિંગ ઓફ સાળંગપુર’’ હનુમાનજીની મૂર્તિ ઉપર **4D AR** (ઓગમેન્ટેડ રિઆલિટી) ટેક્નોલોજી દ્વારા લાઈટ એન્ડ સાઉન્ડ શૉ કરાશે. જેમાં હનુમાનજીનું જીવન ચરિત્ર અને સાળંગપુરધામનો મહિમાં દર્શાવાશે. મહત્વનું છે કે, કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ જણાવ્યા મુજબ, ‘‘આ **4D AR** લાઈટ એન્ડ સાઉન્ડ શો મંગળવાર, શનિવાર, રવિવાર, પૂનમ, અમાસ અને તહેવારના દિવસે સાંજે ત્રણ-ત્રણવાર કરાશે.’’



સાળંગપુરમાં દર વર્ષે ભક્તો માટે અલગ-અલગ સુવિધાઓ શરૂ કરવામાં આવી રહી છે. જેમાં પહેલાં ગુજરતાનું સૌથી મોટું હાઈટેક ભોજનાલય, એ પછી પંચધાતૂમાંથી બનેલી ‘‘કિંગ ઓફ સાળંગપુર’’ હનુમાનજીની ૫૪ ફૂટ ઊંચી મૂર્તિ અને અત્યારે નિર્માણાધિન ગુજરાતનું સૌથી મોટું ગેસ્ટ હાઉસ ‘‘ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન’’ અહીં દાદાના દર્શને આવતાં ભક્તો માટે બનાવવામાં આવી રહ્યા છે.

આ અંગે સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ જણાવ્યું કે, ‘‘આ લાઈટ એન્ડ સાઉન્ડ શૉ હૈદરાબાદ ગુરુકુળના શ્રીવિવેકસ્વામીએ તૈયાર કર્યો છે. સાળંગપુરમાં જે લાઈટ એન્ડ સાઉન્ડ શો થશે, તેમાં તેનો સમય ૧૯.૫૬ મિનિટ સુધીનો સમય નક્કી કરાયો છે. જેમાં ૫૪ ફૂટની હનુમાનજી મહારાજની ‘‘કિંગ ઓફ સાળંગપુર’’ની મૂર્તિ છે તેના પર હનુમાનજીના જીવન ચરિત્ર પર અલગ-અલગ એનિમેશન સાથે લેસર શો દ્વારા ઈફેક્ટ આપી અને **4D** ઓગમેન્ટેડ રિઆલિટી ટેક્નોલોજી દ્વારા આખો એક શો તૈયાર કરવામાં આવ્યો છે.’’

કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ વધુમાં જણાવ્યું કે, ‘આ ઉપરાંત હનુમાનજીએ બાળ અવસ્થામાં સૂર્યને ગળ્યો તે પણ એનિમેશન દ્વારા બતાવાયું છે. ગોપાળાનંદ સ્વામીએ સાળંગપુર હનુમાનજી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી તેને ૧૭૫ વર્ષ પૂરા થયા તે પણ આ લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં બતાવાયું છે. આ ઉપરાંત કષ્ટભંજનદેવ હનુમાનજી દુઃખી જીવોના કામ કરે છે તે પણ લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં બતાવવામાં આવ્યું છે.

કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ જણાવ્યું કે, ‘‘હનુમાનજીના જીવન ચરિત્ર અને સાળંગપુરધામનો મહિમા દર્શાવતો આ લાઈટ એન્ડ સાઉન્ડ શૉ એકદમ ફ્રીમાં ભક્તો નિહાળી શકશે. આ **AR** લાઈટ એન્ડ સાઉન્ડ શો માટે ખાસ કેનેડામાં બનેલું અંદાજે ૧.૫ કરોડથી વધુનું પ્રોજેક્ટર મંગાવ્યું છે. આ સાથે સરાઉન્ડ સાઉન્ડ સિસ્ટમ પણ મંગાવી છે. અહીં આવતા લોકો આ ૪ઙ્ઢ લાઈટ એન્ડ સાઉન્ડ શો અભિભૂત થશે અને દાદાનો મહિમા સરળ રીતે જાણી શકશે.’’

# જૂનાગઢમાં ગરમીનાં સમયમાં આઈસ ગોલાની જબરી માંગ

## રૂા.૩૦થી રૂા.૧૫૦ સુધીનાં આઈસ ગોલાનો શોખીનો સ્વાદ માણે છે



જૂનાગઢ, તા.૨


જૂનાગઢમાં હાલ ગરમીનું તાપમાન ખુબ જ પ્રમાણમાં છે. લોકો બહાર જવાનું ટાળે છે જેમાં વિવિધ ફ્રૂટ તેમજ શેરડીનાં રસ સાથે બરફનાં ગોલા ડીસનું વેંચાણ વધ્યું છે. આ ગોલાનાં શોખીન સાંજથી લઇ રાત સુધી ખાઈ છે. ગોલાની આઈટમ આમતો વર્ષો જૂની છે. એક સમયે ગોલા ખાખરાનાં પાંદમાં આપતા હતા અને બરફ ઘસવાનું નાનાં લાકડાનાં સ્ટેન્ડ ઉપર થાતું હતું. હાલ જૂનાગઢમાં વિવિધ વિસ્તારમાં આનું વેચાણ વધ્યું છે. જેમાં મધુરમ ગેટ પાસે ચુસ્કી ગોલાના વેપારી શ્યામ ચૌહાણ, હિરેન પરમાર જણાવ્યું હતું. કે હાલની ગરમીમાં ગોલા ખાવાનાં શોખીન રાતે ૮ વાગ્યાથી શરૂ થઈ ૧૨ વાગ્યાં સુધી આવે છે. જેમાં વિશેસ મટકા ગોલા જે નાની મટકીમાં બને છે. તેનું વેચાણ વધુ છે. જેમાં પાંચ જાતના ડ્રાઈફ્રુટ તેમજ મલાય સહીત વિવિધ વસ્તુઓ મેળવી બને છે. આ ગોલા રૂા.૩૦ થી લઈ રૂા. ૧૫૦સુધી બને છે.

# ખંભાળિયાની સોસાયટીઓમાં લાગ્યા "રૂપાલા હટાવો"ના બેનર

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨

રાજકોટના એક કાર્યક્રમમાં ભાજપના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરવામાં આવેલી ટિપ્પણીના ઊઠેલા વિરોધના વંટોળમાં ખંભાળિયાના ક્ષત્રિય સમાજમાં પણ રોષની લાગણી જોવા મળી રહી છે.ખંભાળિયાની વિનાયક સોસાયટી ખાતે રાજપુત સમાજના લોકો દ્વારા પોતાના ઘરોમાં પુરૂષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી સાથે ભાજપના કોઈપણ વ્યક્તિએ પ્રચાર માટે આવવું



નહીં. જો રૂપાલાની ઉમેદવારી રદ કરવામાં નહીં આવે તો ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તે પ્રકારના બેનરો લગાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો.

CMYK CMYK CMYK

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# રાજનીતિમાં શાલીનતાનું સ્તર ઘટ્યું : ચિંતાજનક બાબત

કોંગ્રેસનાં પ્રવક્તા અને નેતા સુપ્રિયા શ્રીનેત દ્વારા લોકસભા ચૂંટણીમાં હિમાચલ પ્રદેશની મંડી સીટથી ભાજપી ઉમેદવાર અને અભિનેત્રી કંગના રાણાવત પર કથિત રીતે અભદ્ર અને અપમાનજનક ટિપ્પણી કરવાનો મામલો તેનું તાજું ઉદાહરણ છે કે વ્યક્તિ અને વિચારધારાનો વિરોધ કેટલી હદ સુધી વ્યક્તિગત અને સીમાહીન થઈ ગયો છે.

સોશ્યલ મીડિયા ગંદકી ફેલાવવાનું ખુલ્લું મેદાન આપી દે છે અને સમર્થક-વિરોધીઓની તકરાર મૂળ પ્રશ્નથી હટીને મર્યાદાહીન ટિપ્પણીઓ પર ચાલી જાય છે. કંગના પર ટ્વીટ કરવામાં કાચું કપાયાનું ભાન થતાં સુપ્રિયા શ્રીનેતે એ પોસ્ટ ડિલીટ કરી દીધી અને સફાઈમાં તે પોતાનું સોશ્યલ મીડિયા ખાતું કોઈ બીજા દ્વારા ઉપયોગ થઈ રહ્યું હોવાનો બાલિશ બચાવ કર્યો, પરંતુ તેમના સમર્થકો દ્વારા તેમના બચાવમાં જે દલીલો અપાઈ રહી છે, તે પણ ઓછી ચકિત નથી કરતી. જે સમર્થકો ભૂતકાળનાં ઉદાહરણોથી શ્રીનેતની કથિત ટિપ્પણીનો બચાવ કરી રહ્યા છે, તેમને એ નથી ખબર કે બે ખોટાથી એક સાચું નથી થતું, બલ્કે તેનાથી ભૂલ કરનારાની માનસિકતાની જ ખબર પડે છે. જોકે એ સંતોષની વાત છે કે આ ટિપ્પણી પર કંગના રાણાવતની પ્રતિક્રિયા ક્યાંય વધારે સંતુલિત અને સંયમિત દેખાઈ.

ઉલ્લેખનીય છે કે કંગના રાણાવત પોતાની રાજકીય વિચારધારાને કારણે લાંબા સમયથી વિરોધીઓના નિશાના પર રહી છે. કેટલાંક વર્ષ પહેલાં જ્યારે તેની ઓફિસનો એક હિસ્સાને ગેરકાયદે ગણાવતાં બીએમસીએ તોડી પાડ્યો હતો, ત્યારે પણ તત્કાલીન ઉદ્ધવ સરકારના નેતાઓ અને રાજકીય વિરોધીઓએ તેના વિશે ઘણી વાંધાજક ટિપ્પણીઓ કરી હતી. મજાક ઉડાવવાનો આ સિલસિલો નવો નથી. દેશની રાજનીતિમાં મહિલાઓ પર શરમજનક ટિપ્પણી કરનારા નેતાઓની લાંબી યાદી છે. રાજકીય વિરોધ કરતાં કરતાં અચાનક વ્યક્તિગત કુંઠાઓ સાર્વજનિક રૂપે બહાર આવી જાય છે. હેમા માલિની, જયાપ્રદાથી લઈને લાંબી યાદી છે, જેમણે આવી ટિપ્પણીઓ સહન કરી છે. હવે તો સોશ્યલ મીડિયામાં તર્ક અને ટ્રોલિંગમાં ફરક કરવો મુશ્કેલ થઈ ગયું છે. તેમ છતાં કમ સે કમ જવાબદાર પદો પર બેઠેલા લોકો પાસે તો એ આશા રહે જ છે કે જાહેર વિમર્શનું સ્તર ઉપર ઉઠાવે, નહીં કે મર્યાદાહીન વાતોને હવા આપે.

વાત માત્ર મહિલાઓને લઈને મર્યાદાપૂર્ણ આચરણની જ નથી, જાહેર જીવનની સામાન્ય મર્યાદાઓ પણ હોય છે, જેનું ધ્યાન રાખવાની અપેક્ષા રાજકીય પક્ષો પાસે તો રાખવી જ જોઈએ. જો બધા એકબીજા પર દોષારોપણને જ અંતિમ માની લેશે, તો મનની ગંદકી અને મર્યાદાહીન વ્યક્તિગત ટિપ્પણીઓથી જાહેર જીવનની શુચિતાને બચાવવાની જવાબદારી કોણ લેશે?

જોકે વિરોધી પક્ષની મહિલાઓ પર અપમાનજનક ટિપ્પણી કરવા મામલે કોઈ એક જ પક્ષને કઠેરામાં ઊભો ન કરી શકાય અને તેનું પ્રમાણ છે બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ ભાજપી નેતા દિલીપ ઘોષની અમર્યાદિત ટિપ્પણી. એ ઠીક છે કે ચૂંટણી પંચે કંગના રાણાવત અને મમતા બેનર્જી વિરુદ્ધ કરવામાં આવેલ અશોભનીય ટિપ્પણીઓની નોંધ લીધી, પરંતુ એમાં શંકા છે કે તે કોઈ એવી કાર્યવાહી કરી શકશે, જે દૃષ્ટાંત બને અને જીભ પર કાબૂ નહિ રાખનારાઓને બોધપાઠ મળે. આવી શંકા એટલા માટે કે ચૂંટણી પંચ પાસે એવા અધિકાર નથી, જેવા હોવા જોઈએ. બેફામ અને અમર્યાદિત નિવેદનો કરનારા એટલા માટે બેલગામ રહે છે, કારણ કે તેમને એવી બીક નથી હોતી કે ચૂંટણી પંચ તેમને કઠોર દંડ કરી શકશે. કંગના રાણાવત અને મમતા બેનર્જી પર જેવી નિમ્ન સ્તરની ટિપ્પણીઓ કરવામાં આવી, તે માત્ર રાજનીતિમાં ભાષાના ઘટતા સ્તરને જ નથી દર્શાવતી પરંતુ એ પણ દર્શાવે છે કે આપણા દેશમાં સાર્વજનિક સંવાદનું સ્તર કેટલું ઘટી ગયું છે. જો રાજનીતિમાં સક્રિય મહિલાઓની ગરિમાનું ધ્યાન નહીં રાખવામાં આવે તો સમાજમાં પણ તેના પ્રત્યે અનુકૂળ વાતાવરણનું નિર્માણ નહીં થાય.

### અમદાવાદીઓ માટે ખુશખબર

# ૬ કરોડના ખર્ચે ૧૦૦ સિગ્નલ પર ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લગાવાશે

## વાહન ચાલકોનો સમય બચશે : પેટ્રોલ પણ બચશે અને ગરમી વચ્ચે કે કોઈ પણ સમયે વધુ સમય વાહનચાલકોએ ઉભા રહેવુ નહી પડે

અમદાવાદ, તા.૨

અમદાવાદીઓને ખુશી મળે તેવા સમાચાર સામે આવ્યા છે. વાત એવી છે કે, ટ્રાફિક સિગ્નલ પર થતો તમારો ટાઈમ વેસ્ટ હવે ઓછો થશે. કારણ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક એવી સિસ્ટમ લાવી રહ્યું છે કે જેનાથી લોકોનો સમય અને સાથે જ પેટ્રોલ પણ બચશે. કોર્પોરેશન ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લાવી રહ્યું છે. જે સિસ્ટમની મદદથી લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવામાંથી મુક્તિ મળશે. અમદાવાદ શહેરમાં અંદાજે ૬ કરોડના ખર્ચે ૧૦૦ સિગ્નલ પર આ સિસ્ટમ લગાવાશે. જેની મદદથી લોકોને ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે. આ સિસ્ટમ કોર્પોરેશન આગામી સમયમાં લાવવા જઈ રહ્યું છે. જેના કારણે લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવુ નહી પડે. એટલે કે જો ચાર રસ્તા પર એક સિગ્નલ ખુલે જેનો દોઢ મિનિટ સમય હોય અને ત્યાથી ૬૦ સેકન્ડમાં ટ્રાફિક હળવો થઈ જાય, તો તરત ઓટોમેટિક સિગ્નલ બંધ થઈ જશે અને અન્ય સિગ્નલ ખુલી જશે. જેથી સામેના સિગ્નલના ચાલકોને જલ્દી નીકળવા મળશે. એટલે કે વાહન ચાલકોનો સમય બચશે. પેટ્રોલ પણ બચશે અને ગરમી વચ્ચે કે કોઈ પણ સમયે વધુ સમય વાહનચાલકોએ ઉભા રહેવુ નહી પડે. અમદાવાદ શહેરનો વિસ્તાર અને વસ્તી બને સતત વધી રહ્યા છે. જેના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા પણ દિવસેને દિવસે જટિલ બનતી જઈ રહી છે. તેવામાં આ સિસ્ટમ લોકોને મદદરૂપ બની રહેશે, કોર્પોરેશનના ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમના અમલ માટે પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે, જેના ભાગ રૂપે શહેરમાં ૩૦ ટ્રાફિક જંકશનના સર્વે અને ડિઝાઈન બનાવવાની કામગીરી પણ શરૂ કરી દેવાઈ છે. તેમજ ૧૯ જંકશનની ડિઝાઈન તૈયાર પણ થઈ ગઈ છે. અને તેમા પણ ૯ જંકશન પર ડિમાર્કેશનની કામગીરી થઈ ગઈ છે. તો આ સાથે જ આર્ટિફીસલ ઈન્ટેલિજન્ટ સિસ્ટમની મદદથી લોકોને ગંદકી કરવા, ટ્રાફિક સિગ્નલ ભંગ કરવા. જેવા અનેક કારણોસર દંડ કરવામાં આવશે. ત્યારે તે સિસ્ટમ સાથે આ સિસ્ટમ આવવાને લઈને લોકો પણ આ નવી સિસ્ટમને આવકારી રહ્યા છે. એટલું જ નહીં પણ કોર્પોરેશન દ્વારા સ્માર્ટ સિગ્નલ સાથે સિગ્નલ બ્યુટીફિકેશન પર કામ કરી રહ્યું છે, જયા શહેરમાં અલગ અલગ સ્થળ પર સ્કલ્પચર મુકવામાં આવ્યા છે, અને હજુ પણ ૩૦ જંકશન પર સ્કલ્પચર મુકવામાં આવશે, આ સાથે જ ૫ કરોડના ખર્ચે શહેરમાં ૪૦ સ્થળે સ્માર્ટ પાર્કિંગની પણ આયોજન કરાયુ છે. જયા લોકો એપ્લિકેશન મારફતે જ સુવિધાનો લાભ લઈ શકશે. જેનાથી પાર્કથી લઈને પેમેન્ટ કરવા સહિત તમામ કામગીરી ડિજિટલ થશે. આ સાથે જ શહેરના ૧૦૦ જંકશનના ડેવલ્પમેન્ટ કરાશે. અકસ્માત થતા હોય તેવા ટ્રાફિક સિગ્નલનો સાયન્ટિફિક સર્વે કરી કામગીરી કરશે. પગપાળા જતા લોકોની સલામતી પર પણ ભાર મુકાયો છે. પેડેસ્ટ્રીયલ ગાર્ડ રેલ તેમજ ટેબલ ટોપ ક્રોસિંગનુ આયોજન, તેમજ ફ્રી લેફટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. અને આ તમામ આયોજન પાછળ કોર્પોરેશન અંદાજે ૧૦ કરોડ ખર્ચ કરશે. જે બાદ શહેરની રોનક પણ બદલાશે તેમજ શહેરીજનોની સુરક્ષામાં પણ વધારો થશે તેવો પણ અંદાજ છે.

### ગુજરાતનો અજીબ કિસ્સો સામે આવ્યો

# ભેંસને કૂતરું કરડ્યું અને આખો પરિવાર હડકવાની રસી લેવા દોડ્યો

સુરત, તા.૨

સુરતના સરથાણાની એક સરીતા વિહાર સોસાયટીમાં કાનજીભાઈ રઝાભાઈનો પશુપાલક પરિવાર રહે છે. તેમની ભેંસને કૂતરુ કરડી ગયું હતું. કૂતરુ કરડી જતા ભેંસનું મોત નિપજયું હતું, પરંતુ કાનજીભાઈનો આખો પરિવાર આ ભેંસનું દૂધ પીતો હતો. તેથી દૂધ પીનારા પરિવારે રસી મૂકાવી હતી. ભેંસના દુધનું સેવન કરનારા પશુપાલક પરિવારના ૧૧ સભ્યો હડકા વિરોધી રસી મુકાવવા માટે સ્મીમેર પહોંચ્યા હતા. બે દિવસ પહેલા તેમણે પહેલો ડોઝ હેલ્થ સેન્ટરમાં મુકાવ્યો હતો. ત્યારે રવિવારે બીજો ડોઝ મુકાવવા માટે આવ્યા હતા.

સરથાણામાં કુતરાએ બચકુ ભર્યા બાદ ભેંસનું મોત નીપજતા ભેંસના દુધનું સેવન કરનારા પશુપાલક પરિવારના ૧૧ સભ્યો હડકા વિરોધી રસી મુકાવવા માટે સ્મીમેર પહોંચ્યા હતા. બે દિવસ પહેલા તેમણે પહેલો ડોઝ હેલ્થ સેન્ટરમાં મુકાવ્યો હતો અને રવિવારે બીજો ડોઝ મુકાવવા માટે આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગામમાં કે રસ્તા પર રખડતા કૂતરાઓમાં જો કોઈ કુતરુ હડકાયું થયું હોય અને તે કોઈને કરડી લે તો મોટું જોખમ ઉભું થતું હોય છે. તેથી આવુ કૂતરું જો દૂધાળુ પ્રાણીને કરડે તો તેની અસર દૂધ પીનારા લોકો પર પણ થઈ શકે છે. આ ગભરાટને કારણે સુરતના પશુપાલક પરિવારે એન્ટી રેબિજની રસી મૂકાવી હતી.

# હવે રૂપાલા સામે ક્ષત્રિયાણીઓ લડશે ચુંટણીનો જંગ

રાજકોટ, તા.૦૨

રાજકોટમાં રૂપાલા સામે વિવાદ અટકવાનું નામ લઈ રહ્યો નથી. મોહન કુંડારિયાના નામની ચર્ચા વચ્ચે રૂપાલાએ ખુદ ખુલાસો કર્યો છે કે મોહન કુંડારિયા ડમી ઉમેદવારી ભરવાના છે. પાર્ટી હાઈકમાન્ડ નક્કી કરશે કે રાજકોટમાં ઉમેદવાર બદલવો જોઈએ કે નહીં. ક્ષત્રિયોએ રાજકોટમાં એક મોટી સભા યોજવાની તૈયારીઓ કરી લીધી છે ત્યાં આજે આ મામલાએ એક નવો વળાંક લીધો છે. આજે ભાવનગર, સુરત, મહિસાગર અને સુરેન્દ્રનગરમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. ક્ષત્રિય સમાજના પ્રભુત્વ ધરાવતાં ગામડાઓમાં ભાજપના નેતાઓને પ્રવેશ મળે તેવી ઓછી સંભાવના વચ્ચે આજે પરસોતમ રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજની મહિલાઓએ નવી રણનીતિ જાહેર કરી છે. રાજકોટ લોકસભા બેઠક પરથી એક સાથે ૧૦૦ ક્ષત્રિયાણીઓ ઉમેદવારી નોંધાવશે. રાજકોટ એ પાટીદાર સમાજનો ગઢ છે. અહીં કડવા અને લેઉવા પાટીદારો રૂપાલાને ૫ લાખની લીડથી જીતાડવાની ક્ષમતા ધરાવે છે પણ ભાજપ આ સીટની અસર બીજા જિલ્લાઓમાં ન પડે માટે ફૂંકી ફૂંકીને નિર્ણયો લઈ રહી છે. રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદિત નિવેદન અંગે થઈ રહેલા ક્ષત્રિયોના વિરોધ મામલે મોટા સમાચાર બહાર આવી રહ્યાં છે. રાજકોટ લોકસભા ના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિરોધનો નવો રસ્તો અપનાવવામાં આવી રહ્યો છે. રાજપૂત સમાજની સંકલન સમિતિના મહિલા અધ્યક્ષ તૃપ્તિબા રાઓલે આજે નવી જાહેરાત કરી હતી. ગુજરાતમાં રૂપાલા સામે રોજ નવા જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. આ વિવાદ અટકવાનું નામ લઈ રહ્યો નથી. પુરુષોત્તમ રૂપાલાના વાણી વિલાસને લઈને અલગ અલગ જિલ્લાઓમાં પ્રદર્શનો થઈ રહ્યાં છે. મહીસાગર જીલ્લાના વિવિધ ક્ષત્રિય સમાજના સંગઠનો દ્વારા કલકેટરને આવદેનપત્ર આપવામાં આવ્યું હતું. જિલ્લાના અલગ અલગ ક્ષત્રિય સંગઠનોએ એકત્ર થઈ રૂપાલાનો વિરોધ કર્યો હતો. ક્ષત્રિય સમાજ દ્વારા મોદી તુજ સે બેર નહીં રૂપાલા તેરી ખેર નહીંના સુત્રો સાથે કલેકટરને રજૂઆત કરી હતી. રૂપાલાને જ્યાં પણ ટિકિટ આપશે ત્યાં વિરોધ કરવામાં આવશે તેવો નિર્ણય લેવાયો હતો. રૂપાલાએ આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ક્ષત્રિય સમાજની માફી વિશે કહ્યું કે, મેં તો મારુ સ્ટેન્ડ પહેલાં જ દિવસે ક્લિયર કર્યુ હતું. મારાથી શાબ્દિક ભૂલ થઈ હતી, તેની સામે મે માફી માંગી હતી. મને ક્ષત્રિય સમાજના આગેવાનોએ માફી પણ આપી હતી. તે વિષય પૂરો થયો હતો. હવે તેમના વિષયને લીધે તેઓએ પાર્ટી સામે માંગણી કરી હશે. એ સમાજ અને પાર્ટી વચ્ચનો વિષય છે. તેમાં મારે વચ્ચે પડવાનું ન હોય. દરેક સમાજને પોતાની વાત કરવાના પણ અધિકાર હોય છે. વિપક્ષને પણ આ પ્રકારની પ્રવૃત્તિ કરવાના અધિકાર હોય છે.

સમાધાન થાય, ક્ષત્રિય સમાજની લાગણી દુભાઈ હોય તેટલા માટે તો મેં માફી માંગી છે. ક્ષાત્ર ધર્મ પ્રમાણે એ સમાજ માફી આપે તેવુ અમે અને આગેવાનો કહી રહ્યાં છે.

મને એવુ લાગે છે આ વિષય અહી અટકાવી દેવો જોઈએ. તેના પર ડિબેટ કરવાથી કોઈ અંત નહિ આવે. ગુજરાતમાં રાજકોટ એ ભાજપની સેફ સીટ ગણાય છે. રાજકોટ લોકસભા બેઠક પર જ્યારે પરશોતમ રૂપાલાનું નામ જાહેર કરવામાં આવ્યું ત્યારે નાનામાં નાના કાર્યકર્તાથી માંડીને પાર્ટી હાઈ કમાન્ડ સુધી સૌ કોઈ માની રહ્યા હતા કે અહીં તો ૫ લાખની લીડની જગ્યાએ ૬.૫ લાખની લીડ ભારતીય જનતા પાર્ટીના સિનિયર સૌરાષ્ટ્રના લીડર તેમજ કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાને મળશે. પરંતુ સેફ ગણાતી સીટ ઉપર દિવસે અને દિવસે પરશોત્તમ રૂપાલા માટે કપરો સમય ચાલી રહ્યો છે. ડાયરાની જેમ ભાષણ લલકારવાના શોખિન રૂપાલાને હવે એક નહીં ૨ સમાજ વિરોધમાં આવ્યો છે. ક્ષત્રિયોનો વિવાદ તો પૂરો થયો નથી ત્યાં રૂપાલાએ દલિત સમાજને પણ નારાજ કરી દીધો છે.

### ભારતની ત્રણેય સેનાની તૈયારી

# મુંબઈમાં ટ્રાઈ-સર્વિસ કૉમન ડિફેન્સ સ્ટેશન બનાવાશે

## લશ્કર, વાયુ સેના, નૌસેનાનું કૉમન સ્ટેશન સ્ટેશન બનાવાશે

મુંબઈ, તા.૨

કેન્દ્ર સરકાર મુંબઈને દેશનું સૌથી શક્તિશાળી સૈન્ય મથક બનાવવાની યોજના બનાવી રહી હોવાના અહેવાલ સામે આવ્યા છે. યોજના હેઠળ મુંબઈમાં ટ્રાઈ-સર્વિસ કૉમન ડિફેન્સ સ્ટેશન એટલે કે લશ્કર, વાયુ સેના અને નૌસેનાનું કૉમન સ્ટેશન સ્ટેશન બનાવાશે. આ સ્ટેશન ઈન્ટીગ્રેટેડ થિયેટર કમાન્ડ પહેલા બનવાની સંભાવના છે.

મીડિયા અહેવાલો મુજબ મુંબઈમાં ત્રણેય સેનાનું સંયુક્ત સ્ટેશન બનાવવા ટૂંક સમયમાં નિર્ણય લેવાશે. હાલ દેશમાં એક પણ કૉમન ડિફેન્સ સ્ટેશન નથી, માત્ર અંદમાન અને નિકોબારમાં જ ત્રણેય સેનાનું કમાન્ડ સેન્ટર છે અને તેને વર્ષ ૨૦૦૧માં બનાવાયું હતું. ત્રણે સેના માટે બનનારા નવા સ્ટેશનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસીત કરાશે. તેમાં લોજિસ્ટિક સપોર્ટ, રિપેરિંગની સુવિધા અને મેન્ટેનન્સની વ્યવસ્થા પણ હશે.

મળતા અહેવાલો મુજબ મુંબઈમાં નૌસેનાની ઉપસ્થિતિ વધારે હોવાથી નવા સ્ટેશનનું નેતૃત્વ તેને સોંપાશે. હાલ ત્રણે સેનાના સેન્ટરો મુંબઈમાં જુદા જુદા વિસ્તારોમાં આવેલા છે. હાલની યોજના મુજબ લોજિસ્ટિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એડમિનિસ્ટ્રેશનને એક સાથે લવાશે.

ટ્રાઈ-સર્વિસ કૉમન ડિફેન્સ સેન્ટર બનાવવાથી ત્રણે સેનાઓ એક સાથે દેશના પશ્ચિમી તટ અને વિસ્તારોમાં કોઈપણ પ્રકારના ઓપરેશનને અંજામ આપી શકશે. પાકિસ્તાન પર પણ કડક નજર રાખી શકાશે. આ ઉપરાંત સૈનિકો અને તેમના પરિવારજનો માટે અહીં સ્કૂલ, હોસ્પિટલ, સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, ટ્રેનિંગ સુવિધા પણ હશે. સામાન્ય રીતે ત્રણે સેનાઓ માટેનું અલગ-અલગ ફંડ રિલિઝ કરવામાં આવતું હોય છે. આ સ્ટેશન બન્યા બાદ ત્રણે સેનાને એક જ ચેઈનથી ફંડ રિલિઝ કરી શકાશે. એટલું જ નહીં મુંબઈ બાદ કોયમ્બતુરના સુલુરમાં અને ગુવાહાટીમાં કૉમન ડિફેન્સ સ્ટેશન બનાવાશે. સુલુરમાં વાયુ સેના સ્ટેશનનું નેતૃત્વ કરશે, જયારે ગુવાહાટીમાં લશ્કર સંભાળશે.

# કોન્સ્ટેબલોએ શ્રવણ બની વૃધ્ધાશ્રમના ૨૩ વડીલોને ડાકોરધામની જાત્રા કરાવી

ખેડા, તા.૨

સમાજમાં તરછોડેલા, અશક્ત, નિઃસહાય વૃધ્ધો માટે હવે ખેડા જિલ્લા પોલીસે નવતર અભિગમ અપનાવ્યો છે. વસો પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી સાથે કોન્સ્ટેબલોએ શ્રવણ બની વૃધ્ધાશ્રમના ૨૩ વડીલોને ડાકોરધામની જાત્રા કરાવી છે. ઠાકોરજીના દર્શન કરાવી હેતથી ભોજન આપી પરત લાવવામાં આવ્યા છે.ખેડા જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા અને નડિયાદ ડિવિઝનના ડીવાયએસપી વી.આર.બાજપાઈના માર્ગદર્શન મુજબ વસો પોલીસ સ્ટેશનના PSI એચ.એન. આજરા અને તેમના સ્ટાફ દ્વારા નવો અભિગમ અપનાવવામાં આવ્યો છે. જેમાં આ પોલીસ મથકના પોલીસ અધિકારી સાથે પોલીસ કર્મીઓએ શ્રવણ બની પીજ ગામે આવેલા જલારામ વૃધ્ધાશ્રમના ૨૩ વડીલોને ડાકોર ધામની જાત્રા કરાવી છે.

વૃદ્ધાશ્રમના આંગણેથી મીની લકઝરી બસ દ્વારા ડાકોરમાં ઠાકોરજીના દર્શન કરાવ્યા. એટલું જ નહીં આ તમામ વડીલ વૃદ્ધોને હેતથી ભોજન પીરસ્યું હતું. આ તમામ કામગીરી પીએસઆઈ એચ.એન. આજરા, હેડ કોન્સ્ટેબલ કનુભાઈ, સંજયભાઈ, દિવ્યાબેન, સોનલબેન, જલ્પાબેન સહિત સમગ્ર પોલીસ સ્ટેશનના સ્ટાફે કરી હતી. પોલીસે તમામ વડીલોનો હાથ પકડી બસમાં બેસાડી મંદિરમાં દર્શન કરાવ્યા હતા. ડાકોરના ઠાકોરના દર્શન કરી દંડી આશ્રમ ખાતે મહંત વિજયદાસજીના આર્શીવાદ મેળવ્યા હતા અને ત્યાં જ ભોજન મેળવ્યું હતું.

વસો પોલીસ સ્ટેશનના PSI એચ.એન. આજરાએ જણાવ્યુ હતુ કે, પોલીસ એ સમાજનો એક ભાગ છે અને સમાજમાં બનતા ગુનાઓ અટકે અને સારા વિચારોનું આદાન પ્રદાન થાય તે હેતુસર આ એક કામગીરી કરવામાં આવી છે. આ યાત્રા કોઈ એક દિવસ માટે સિમિત નથી પણ દર મહિનાના પ્રથમ રવિવારે વસો પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવા વડીલ વૃદ્ધોને ધાર્મિક જાત્રા કરાવાશે

### સૌરાષ્ટ્રની જનતાને મોંઘવારીનો વધુ એક ડોઝ

# સૌરાષ્ટ્રની ૫૦૦ જેટલી ખાનગી શાળા દ્વારા ફી વધારો કરવામાં આવ્યો

## સ્કૂલો દ્વારા જૂની ફીમાં એવરેજ રૂપિયા ૨ હજારથી લઈને ૧૦ હજાર સુધીનો વધારો કરવામાં આવ્યો છે

રાજકોટ, તા.૨

પહેલેથી જ મોંઘવારીનો માર ઝીલી રહેલી રાજ્યની જનતાને વધુ એક મોંઘવારીનો ડોઝ મળવા જઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, સૌરાષ્ટ્રની ૫૦૦ જેટલી ખાનગી શાળા દ્વારા ફી વધારો કરવામાં આવ્યો છે, જેમાં સ્કૂલો દ્વારા જૂની ફીમાં એવરેજ રૂપિયા ૨ હજારથી લઈને ૧૦ હજાર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ ૨ માસ બાદ નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે, પરંતુ હજુ સુધી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાની સ્કૂલોએ માંગેલા ફી વધારા મામલે ફી નિર્ધારણ કમિટી દ્વારા કોઈ જ નિર્ણય લેવાયો નથી. ત્યારે હવે સ્કૂલો દ્વારા જ ફી વધારો કરી દેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યની ખાનગી સ્કૂલોમાં ફીનું ધોરણ નક્કી કરવા માટે વર્ષ ૨૦૧૭માં ગુજરાત સરકાર દ્વારા ફી નિર્ધારણનો કાયદો લાવવામાં આવ્યો હતો, જે અંતર્ગત રાજ્યના ૪ ઝોનમાં ફી નિર્ધારણ કમિટીની રચના કરવામાં આવી હતી. હાલ આ કમિટીમાં ૫માંથી ૩ સભ્યોની નિમણૂક છેલ્લા ૫ માસથી થઈ ન હોવાથી ખાનગી સ્કૂલોની ફી નિર્ધારિત થઈ શકી નથી. રાજકોટમાં બેસતી સૌરાષ્ટ્ર ઝોનની કમિટીમાં પણ ૫માંથી માત્ર ૨ જ સભ્યો રહ્યા છે.

રાજકોટ ફી નિર્ધારણ કમિટીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાજકોટમાં સૌરાષ્ટ્ર ઝોનની ફી નિર્ધારણ કમિટી કાર્યરત છે. જે કમિટીમાં હાલ FRC ચેરમેન એવા નિવૃત જજ પી. જે. અગ્રાવત અને શિક્ષણવિદ સભ્ય અશોક સેતા જ છે. જ્યારે ખાનગી સ્કૂલોના પ્રતિનિધિ સભ્ય અજય પટેલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ગિરીશ દેવળીયા અને સિવિલ ઈજનેર વી. સી. પાઠકની ટર્મ ગત નવેમ્બર માસથી પૂર્ણ થઈ ચૂકી છે, પરંતુ હજુ સુધી રાજ્ય સરકાર દ્વારા નવી નિમણૂક કરવામાં આવી નથી. જેને લીધે કમિટીમાં માત્ર ૨ જ સભ્યો રહ્યાં છે. જોકે, તેમના દ્વારા હાલ ફી વધારો માગ્યો છે, તેવી સ્કૂલોની ફી નક્કી કરવા માટેની કોઈપણ પ્રકારની પ્રક્રિયા હજુ સુધી શરૂ કરવામાં આવી નથી.

રાજકોટમાં બેસતી સૌરાષ્ટ્ર ઝોનની ફી નિર્ધારણ કમિટી હેઠળ રાજકોટ ઉપરાંત મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાની ખાનગી સ્કૂલો આવે છે. જેમાં સૌરાષ્ટ્રની ૪,૦૦૦ ખાનગી સ્કૂલો એવી છે કે જ્યાં વિદ્યાર્થી દીઠ ફી પ્રાથમિકમાં ૧૫,૦૦૦, માધ્યમિકમાં ૨૫,૦૦૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં ૩૦,૦૦૦ કે તેથી ઓછી છે. જે સ્કૂલોએ પણ સૌરાષ્ટ્ર ઝોનની ફી નીયમન કમિટીમાં એફિડેવિટ કર્યું છે. જ્યારે ૫૦૦ ખાનગી સ્કૂલો એવી છે કે, જેમના દ્વારા ઉપરોક્ત ફીથી વધુ વાર્ષિક ફી લેવામાં આવે છે અને તેમના દ્વારા નવા વર્ષે ફી વધારો માંગવામાં આવ્યો છે.

આ તમામ બાબતો વચ્ચે એક તરફ સ્કૂલો દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટેની ફી ઉઘરાવવાનું શરૂ કરી દીધું છે તો બીજી તરફ ફી નિર્ધારણ કમિટીએ ફી નક્કી ન કરતા વાલીઓ અને વિદ્યાર્થીઓ લૂંટાઈ રહ્યાં છે. હજુ લોકસભા ચૂંટણી પૂર્ણ નહીં થાય ત્યાં સુધી રાજ્યમાં ફી નિર્ધારણ કમિટીના સભ્યોની નિમણૂક નહિં થાય. જેથી વિદ્યાર્થીઓને ફી વધારાનો માર સહન કરવો પડશે.જો કે, ભવિષ્યમાં ફી સરભર કરવાની બાંહેધરી આપી ફી વધારો લાગુ કરી દેવાયો છે, પરંતુ ભવિષ્યમાં વિદ્યાર્થીઓને ફીમાં રાહત મળશે કે નહિ તે એક મોટો સવાલ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

નિરંતર અભ્યાસથી વિદ્યાની રક્ષા થાય છે.

- આચાર્ય ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ફાગણ વદ-૮ કાલાષ્ટમી, જૈન શ્રી આદિનાથ પ્રભુની જન્મદીક્ષા કલ્યાણ દીન, વરસીતપ પ્રારંભ તા.૨ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૨૨, પૂર્વાષાઢા નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૩, સૂ.અ.૭:૦૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), પરોઢે ૪:૩૬ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ:જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
મિથુન:પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ: લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા: પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.
તુલા: યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઈને છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક:જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી વિશેષ સ્નેહ રહે.
ધન: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મનમાં આનંદનો અનુભવ થાય.
મીન: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# ગુજકેટમાં ૧.૩૮ લાખ પૈકી ૧.૩૪ લાખે પરીક્ષા આપી : ૯૭ ટકા હાજરી નોંધાઈ

## ગુજકેટના ચારેય પેપર પુસ્તક આધારીત એકદમ સરળ રહેતા વિદ્યાર્થીઓ સારો સ્કોર કરી શકશે

અમદાવાદ તા.૨

ધો.૧૨ સાયન્સ પછી ઈજનેરી ફાર્મસી અભ્યાસક્રમો પ્રવેશ માટે શિક્ષણ બોર્ડ દ્વારા રવિવારે ગુજટેક લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ૧.૩૮ લાખ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આમ સરેરાશ ૯૭ ટકા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજકેટમાં ચારેય પ્રશ્નો પત્રો એકદમ સરળ અને પુસ્તક આધારીત રહેતા વિદ્યાર્થીઓ ખુબ ખુશ જણાતા હતા. મળતી માહીતી અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સ પછી ડિગ્રી એન્જીનીયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (ગુજકેટ) લેવામાં આવી હતી. આ પરીક્ષા માટે ૧૩૭૭૯૯ વિદ્યાર્થીઓ નોંધાતા હતા જેમાં એ ગ્રુપના ૫૧૦૨૫ અને એબી ગ્રુપના ૪૦૮ વિદ્યાર્થી નોંધાયા હતા. ગુજકેટ માટે રાજયમાં કુલ ૩૪ ઝોન નકકી કરવામાં આવ્યા હતા જેમાં ૩૪ સેન્ટરની ૬૭૩ બિલ્ડીંગના ૬૯૬૩ બ્લોકમાંથી રવિવારના રોજ પરીક્ષા લેવામાં આવી હતી. પ્રથમ સેશનમાં ફિઝિકસ અને કેમેસ્ટ્રીની પરીક્ષામાં ૧૩૮૧૫૦ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષા વખતે ૧૩૪૫૮૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જયારે બીજા સેશનમાં બાયોલોજીની પરીક્ષા વખત. ૮૬૯૬૨ વિદ્યાર્થીઓ પૈકી ૮૫૦૫૧ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ઉપરાંત ત્રીજા સેશનમાં મેથ્સની પરીક્ષા વખતે ૫૧૫૮૧ વિદ્યાર્થીઓ પૈકી ૪૯૭૭૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આમ ગુજકેટમાં એકંદર સરેરાશ ૯૭ ટકા હાજરી નોંધાઈ હતી. ગુજકેટની પરીક્ષામાં જામનગર જીલ્લામાં એક વિદ્યાર્થીઓ મોબાઈલ ફોન સાથે આવ્યો હોવાથી તેની સામે કોપી કેસ કરાયો છે. ગુજકેટમાં ચારેય વિષયના પેપર ખુબ જ સરળ રહ્યા હતા. ગણિતમાં પુરેપુરા ગુણ લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં આ વર્ષે વધારો જોવા મળશે. ઉપરાંત બાયોલોજીનું પેપર પણ પુસ્તક આધારીત રહ્યું હતું. અમુક પ્રશ્નો પુસ્તકના કોર્નરમાંથી પુછાયા હતા. પરંતુ તેને બાદ કરતા પેપર સરળ રહ્યું હતું. ફિઝિકસનું પેપર પુસ્તક આધારીત એકદમ સરળ રહ્યું હતું. અને કેમેસ્ટ્રીમાં પણ વિદ્યાર્થીઓને મજા પડી હતી. આમ ચારેય વિષયના પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓ ખુબ જ ખુશ જણાતા હતા.

# RTE હેઠળ પ્રવેશની સંખ્યામાં વધારો કરવા મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત




અમદાવાદ,તા.૨

ગુજરાતમાં આરટીઈ હેઠળ પ્રવેશની સંખ્યામાં વધારો કરવા રાજયના મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા મનિષ દોશીએ મુખ્યમંત્રીને રજૂઆતમાં જણાવ્યું છે કે ખાનગી સ્કૂલોમાં ૨૫ ટકા બેઠકો ઉપર ગરીબ, જરૂરિયાતમંદ સહિતના વિવિધ ૧૩ કેટેગરીના બાળકોને મફત પ્રવેશ આપવામાં આવે છે. ત્યારે ધો.૧માં છ વર્ષે જ પ્રવેશના નવા નિયમને લીધે ધો.૧માં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતા અને વિદ્યાર્થીઓના બાલવાટિકામાં પ્રવેશ થતા તેની સીધી અસર આરટીઈની બેઠકો ઉપર પડી છે. આ વર્ષે આરટીઈની બેઠકો ૫૦ ટકા જેટલી ઘટી ગઈ છે. જે મુજબ આ વર્ષે એટલે કે ૨૦૨૪-૨૫ માટે માત્ર ૪૩૮૯૬ જેટલી જ બેઠકો છે. જેની સામે ગત વર્ષે ૮૩ હજાર જેટલી બેઠકો હતી. આરટીઈ પ્રવેશના હાલના નિયમ મુજબ ધો.૧ની વર્ગદીઠ કુલ મંજુર જગ્યામાં ગત વર્ષે જે આરટીઈના પ્રવેશ થયા હોય તેને બાદ કરતા જેટલી બેઠકો રહે તેના ૨૫ ટકા મુજબ બીજા વર્ષે પ્રવેશ અપાય છે. આ નિયમ મુજબ હવે ૨૦૨૪-૨૫ના વર્ષ માટે રાજયમાં બેઠકો ઘટતા મોટી મુશ્કેલી ઉભી થઈ છે. ગત વર્ષે ત્રણ રાઉન્ડને અંતે ૬૧ હજારથી વધુ બાળકોના પ્રવેશ થયા હતા. આમ ગત વર્ષ મુજબ પ્રવેશની સંખ્યા જોઈએ તો આ વર્ષે ૪૩ હજાર બેઠકો સામે હજારો બાળકો પ્રવેશથી વંચિત રહે તેવી સ્થિતિ છે. રાજયમાં શાળાની કુલ સંખ્યા, કુલ વર્ગો અને વિદ્યાર્થીઓની સંખ્યાની સામે અનેક મોટી શાળાઓ આરટીઈમાં અનેક વિદ્યાર્થીઓને નિયમ મુજબ યેનકેન પ્રકારે પ્રવેશથી વંચિત રાખી રહ્યા છે તે ગંભીર બાબત છે.

# અમેરિકાએ ચુપચાપ અબજોના મૂલ્યના વધુ બોંબ ફાઈટર જેટ, ઈઝરાયેલને આપવ માટે મંજુર કર્યા

**અમેરીકી રાષ્ટ્રપતિ દ્વારા આ અઠવાડિયે મંજુર કરાયેલા હથિયારો જેમાં ૧૮૦૦ એમકે ૮૪ ૨૦૦૦ પાઉન્ડ વજનના બોંબ, ૫૦૦ એમકે ૮ ૨૫૦૦ પાઉન્ડના બોંબ, ૨૫ એફ-૩૫ એ ફાઈટર જેટનો સમાવેશ થાય છે એમ અનામી રાજય સંરક્ષણ વિભાગના અધિકારીઓએ વોશિંગ્ટન પોસ્ટ અખબારને જણાવ્યું હતું**

વોશિંગ્ટન તા.૨

અમેરિકાના પ્રમુખ જો બાઈડને તાજેતરના દિવસોમાં ઈઝરાયલ માટે અબજો ડોલરના નવા બોંમ્બ અને ફાઈટર જેટને ગુપ્ત રીતે અધિકૃત કર્યા છે એમ તાજેતરમાં પ્રકાશીત થયેલા અહેવામાં જણાવાયું છે. ગાઝા ઉપર ઈઝરાયલનું યુધ્ધ સમગ્ર દરિયાકાંઠાના વિસ્તાર ઉપર વ્યાપક વિનાશ, વિસ્થાપન અને કેટલાય મૃત્યું સાથે ચાલી રહ્યું છે. તેલ અવીવે તેનું આક્રમણ દક્ષિણના શહેર રફાહમાં લેવાની પ્રતિજ્ઞા લીધી છે. જયાં માનવતાવાદી પતનની ચેતવણી હોવા છતા લગભગ ૧૦.૫ લાખ વિસ્થાપિત લોકોએ આશ્રય મેળવ્યો છે. એક યુએસ અધિકારીએ જણાવ્યું હતું કે સ્ટેટ ડિપાર્ટમેન્ટે ગયા અઠવાડિયે ૨૫ એફ ૩૫ એ ફાઈટર જેટ અને એન્જીનના ટ્રાન્સફરને મંજુરી આપી હતી. વિમાનો અને એન્જીનોની કિંમત આશરે ૨૦૦.૫ કરોડ હોવાનો અંદાજ છે. વેંચાણની સાર્વજનીક રૂપે સૂચના આપવામાં આવી નથી અને સંરક્ષણ સુરક્ષા સહકાર એજન્સીની વેબસાઈટ ઉપર કોઈ અનુરૂપ ઘોષણાઓ નથી કે જયાં આવી સુચનાઓ સામાન્ય રીતે પોસ્ટ કરવામાં આવે છે. યુએસ દ્વારા ગાઝામાં તાત્કાલીક યુધ્ધ વિરામની માંગણી કરતા યુએન સિકયુરીટી કાઉન્સીલના ઠરાવને વીટો કરવામાં નિષ્ફળ ગયા પછી જે ઘર્ષણ થયું તેમાં બાઈડેન અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુ તાજેતરના અઠવાડિયામાં વધુને વધુ ઝઘડામાં ઉલઝેલા રહ્યા છે. નેતાન્યાહુએ ઈઝરાયેલના રફાહ ઉપરના આક્રમણના યુએસ વિકલ્પોની ચર્ચા કરવા માટેના ઈન્ટર એજન્સી ઈઝરાયેલી પ્રતિનિધિ મંડળની વોશિંગ્ટનની આયોજીત મુલાકાતને અચાનક રદ કરીને બદલો લીધો હતો. મીટીંગ રી શેડયુઅલ કરવામાં આવી રહી છે પરંતુ જે રીતે ઈઝરાયેલને શસ્ત્રો પુરા પાડવાનું ચાલુ રાખવાની બાઈડેનની ઈચ્છાને અસર કરી હોય તેવું લાગતું નથી. અબજો ડોલરના શસ્ત્રોને શાંતિથી લીલી ઝંડી આપવાનો નિર્ણય બાઈડેનના સાથી ડેમોક્રેટસની વધતી જતી સંખ્યાની માંગને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. જેમણે રાષ્ટ્રપતિને ઈઝરાયેલને તેના લશ્કરી વર્તુણુંક ઉપર શસ્ત્રોની વધારાની જોગવાઈ અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી સહાયની જોગવાઈમાં અવરોધો દુર કરવા વિનંતી કરી છે. બે અઠવાડિયા પહેલા અડધો ડઝન ડેમોક્રેટિક સેનેટરોએ બાઈડેનને એક પત્ર મોકલીને તેલ અવીવને શસ્ત્રોનું વેંચાણ અટકાવવા વિનંતી કરી હતી. કારણ કે તે હાલમાં ૧૯૬૧ના કાયદાનું ઉલ્લંઘન કરે છે જે અમેરિકન સહાયની ડિલવરીને અવરોધ કરનારા રાષ્ટ્રોને શસ્ત્રોના વેંચાણ ઉપર પ્રતિબંધ મુકે છે. બર્ની સેન્ડર્સ, ક્રિસ વેન હોલેન, જેફ મર્કલે, મેઝી હિરોનો, પીટર વેલ્ચ, ટીના સ્મિથ, એલાઝિબેથ વોરેન અને બેન રે લુજન કે જેઓ સેનેટર્સ છે તેમણે લખ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટસે કોઈપણ દેશને લશ્કરી સહાય પુરી પાડવી જોઈએ નહી. જે યુએસ માનવતાવાદી સહાયમાં દખલ કરે છે. ફેડરેલ કાયદો સ્પષ્ટ છે.

# યુપીમાં મોબાઈલ ફોનના ચાર્જરમાં આગ લાગવાથી ૪ બાળકો જીવતા સળગી ગયા : ઘરે આવી જ દુર્ઘટનાઓને કેવી રીતે અટકાવવી તેની ટિપ્સ

લખનૌ, તા.૨

પોલીસે જણાવ્યું હતું, ગયા અઠવાડિયે મેરઠમાં મોબાઈલ ચાર્જરને કારણે શોર્ટ-સર્કિટને કારણે તેમના રૂમમાં બેડમાં આગ લાગવાથી ચાર બાળકો ગંભીર રીતે દાઝી ગયા હતા અને મૃત્યુ પામ્યા હતા. તેમના માતા-પિતા, બબીતા અને જોની, તેમના બાળકોને બચાવવા માટે રૂમમાં દોડી આવ્યા હતા, જેઓ ઊંઘી રહ્યા હતા અને દાઝી ગયેલી ઈજાઓ પણ સહન કરી હતી. બબીતા દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં જીવન સામે ઝઝૂમી રહી છે જ્યારે જોની મેરઠમાં તબીબી સુવિધામાં છે. એસપી આયુષ વિક્રમ સિંહે જણાવ્યું હતું કે, પીડિતોને LLRM હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ૨૩ માર્ચે રાત્રે ૯.૩૦ વાગ્યાની આસપાસ બે બાળકોના મોત થયા હતા. ત્રીજા બાળકનું ૨૪ માર્ચ રવિવારના રોજ વહેલી સવારે અન્ય મેડિકલ સેન્ટરમાં ખસેડવામાં આવતા મૃત્યુ થયું હતું. થોડા કલાકો પછી સારિકાનું અવસાન થયું હતું. જોની, એક દૈનિક વેતન મજૂર, સ્વસ્થ થઈ રહ્યો છે. આ પહેલીવાર નથી કે જ્યારે મોબાઈલ ફોન સંબંધિત આગમાં નિર્દોષ લોકોના જીવ ગયા હોય. ભૂતકાળમાં પણ આવા જ કેટલાંક કિસ્સા સામે આવ્યા છે. જો કે, કેટલીક મૂળભૂત સુરક્ષા ટીપ્સને અનુસરીને આવી દુર્ઘટનાઓને અટકાવી શકાય છે. અહિયાં


- સસ્તા મોબાઈલ ચાર્જર માટે ન વાપરો, હંમેશા પ્રમાણિત ચાર્જર ખરીદો
- પ્રતિષ્ઠિત કંપની દ્વારા પ્રમાણિત ચાર્જર ખરીદો.
- સસ્તા, અપ્રમાણિત ચાર્જરમાં ઓવરહિટીંગ અટકાવવા બિલ્ટ-ઈન સલામતી સુવિધાઓ

  હોઈ શકે નહીં.
- તમારા ફોન સાથે આવેલા ચાર્જર અથવા ફોનના નિર્માતા દ્વારા બનાવેલ ચાર્જર વાપરો.
- ક્યાં ચાર્જ કરવું તે જાણો, બેડ જેવી નરમ સપાટી ઉપર ચાર્જ કરવાનું ટાળો
- તમારા ફોનને તમારા પલંગ અથવા ઓશીકા નીચે ચાર્જ કરવાનું ટાળો. આ સપાટીઓ ગરમીને ફસાવે છે,જેના કારણે તમારો ફોન વધુ ગરમ થાય છે.
- નાઈટસ્ટેન્ડ અથવા ડેસ્ક જેવી સપાટ, સખત સપાટી પસંદ કરો.
- તમારા ફોનને સૂર્યપ્રકાશમાં ક્યારેય ચાર્જ કરશો નહીં અતિશય તાપમાન ઈલેક્ટ્રોનિક્સ માટે ખરાબ સમાચાર છે. સીધા સૂર્યપ્રકાશ અથવા ગરમ કારમાં તમારા ફોનને ચાર્જ કરવાનું ટાળો.
- તમારા ચાર્જરને નિયમિતપણે તપાસો. કોઈપણ નુકસાન માટે તમારા ચાર્જરનું નિયમિતપણે નિરીક્ષણ કરો. ચાર્જરને નુકસાનના કોઈપણ ચિહ્નો માટે જુઓ, જેમ કે તૂટતા વાયર, તિરાડ પ્લગ અથવા છૂટક જોડાણો. જો તમને કોઈ નુકસાન દેખાય, તો ચાર્જર કાઢી નાખો અને નવું મેળવો. ક્ષતિગ્રસ્ત ચાર્જર એ આગ લાગવાનું જોખમ છે.
- જ્યારે ચાર્જ કરવામાં આવે ત્યારે અનપ્લગ કરો
- બિનજરૂરી તાણ ટાળવા માટે જ્યારે તમારો ફોન ૧૦૦% સુધી પહોંચે ત્યારે તેને અનપ્લગ કરો.
- જો તમે તમારા ફોનને ચાર્જ કરવા માટે મલ્ટિપ્લગનો ઉપયોગ કરો છો, ખાતરી કરો કે તમે તે વધારો સુરક્ષા સાથે ખરીદો છો. આ ખાતરી કરે છે કે વીજળીના પ્રવાહમાં અચાનક વધારો તમારા ઉપકરણને અસર કરતું નથી. ઉપરાંત, એક આઉટલેટમાં ઘણા બધા ઉપકરણોની ભીડ ન કરો. આ સર્કિટને ઓવરલોડ કરી શકે છે અને આગનું જોખમ ઊભું કરી શકે છે.
- જો તમારા ફોનની બેટરી ચાર્જ કરતી વખતે ગરમ થઈ જાય, તો તે કંઈક ખોટું થવાનો સંકેત છે. ચાર્જરને અનપ્લગ કરો અને વધુ તપાસ કરતા પહેલા તમારા ફોનને ઠંડો થવા દો. જો તમારા ફોનની બેટરી ચાર્જ કરતી વખતે નોંધપાત્ર રીતે ગરમ થાય છે, તો તે ગંભીર સંકેત છે. તેને અનપ્લગ કરો અને તેને ઠંડો થવા દો. ગરમ બેટરી મોટી સમસ્યા સૂચવી શકે છે. એ જ રીતે જો તમારો ફોન થોડા વર્ષ જૂનો છે અને બેટરી ચાર્જ કરતી વખતે ગરમ થઈ જાય છે તો તેને બદલવાનું વિચારો.

# બ્રેઈનમાં હેમરેજ કે સ્ટ્રોકનું કારણ બનતો રોગ આર્ટરીઓવીનસ માલફોર્મેશન

જેને ટુંકમાં AVM કહે છે જન્મજાત આવતી આ બિમારી મોટા ભાગે સાઈલન્ટ રહે છે. ઘણા કેસમાં જયારે વ્યકિતને હેમરેજ થાય ત્યારે ખબર પડે છે કે એને .... ની તકલીફ હતી. પરંતુ જો કોઈ કારણોસર નિદાન નુકશાન થાય તે પહેલા થઈ જાય તો ત્રણ જુદી જુદી પ્રકારની સર્જરી છે જે મદદરૂપ થઈ શકે છે.

મગજમાં લોહીની નળીઓનું ગુંચળું વળી જાય છે જે દર્દી માટે ઘાતક સાબિત થાય છે. મગજમાં રહેલા આ ગુંચળાને આર્ટરી ઓવીનસ માલફોર્મેશન કહે છે જેને ટુંકમાં અટખ કહે છે. મગજનો આ પ્રોબ્લેમ જન્મથી જ હોય છે. કોઈ સંજોગોમાં તો એ અમુક ઉંમર પછી ડેવલપ થયો હોય એમ પણ બની શકે છે. વળી એ જન્મથી જ હોય એનો અર્થ એ બિલકુલ નથી કે તરત જ જન્મથી જ લક્ષણો જોવા મળે છે. ઉલ્ટુ એવું બને કે જીવન પર્યત કોઈ લક્ષણો દેખાય જ નહી. મોટાભાગે જે લોકોમાં લક્ષણો દેખાતા હોય છે એ ૧૦ થી ૪૦ વર્ષની ઉંમર દરમ્યાન જ જોવા મળતા હોય છે. એમાં પણ ખાસ કરીને ૧૫ થી ૨૫ વર્ષની ઉંમર દરમ્યાન લક્ષણો દેખાવાની શકયતા વધુ રહે છે. મગજમાં રહેલા આ અટખ મગજના ટિશ્યુને ધીમે ધીમે ડેમેજ કરતા જાય છે. પરંતુ એક વખત મિડલ એજમાં પહોંચી ગયા પછી મગજમાં રહેલા અટખ સ્ટેબલ થઈ જાય છે અને એના કોઈ ખાસ લક્ષણો દેખાતા નથી. ઘણી વખત મગજનો અટખ ધરાવતી ગર્ભવતી સ્ત્રીને શરીરમાં બ્લડ વોલ્યુમ વધવાને કારણે અને બ્લડ પ્રેસર વધવાને કારણે લક્ષણો દેખાઈ શકે છે. સ્ટ્રોક પણ એક ગંભીર પ્રકાર હોય છે. જેનું નામ છે ગેલન ડિફેકટ. આ એ પ્રકારનું અટખ છે જેમાં જન્મ બાદ તરત જ લક્ષણો દેખાઈ આવે છે. કારણ કે આ પ્રકારમાં મગજની મોટી લોહીની નળીઓ સામેલ હોય છે. જેને કારણે મગજમાં પાણી ભરાવા લાગે છે અને માથું સોજી જાય છે. માથા ઉપર ઉપસેલી નસો, આંચકી આવવી જેવા કેટલાંક ખાસ લક્ષણો દેખાઈ શકે છે. આવા બાળકમાં હાર્ટ ફેલ પણ થઈ શકે છે. હકીકત એ છે કે જે કોઈપણ અસમાન્ય લક્ષણ દેખાય તો ચોકકસ ડોકટરનો સંપર્ક સાધવો જરૂરી છે.



### હેમરેજ

જે વ્યકિતને અટખ હોય એના કયાં પ્રકારના ખતરા હોઈ શકે છે એ વિશે વાત કરતા ડોકટર કહે છે કે એક અટખ એની સાથે જોડાયેલી ધમની અને બાકીની લોહોની નળીઓ ઉપર ખુબ પ્રેસર ઉત્પન કરે છે. જેને લીધે આ નળીઓ પાતળી બનતી જાય છે અને નબળી પડતી જાય છે એને લીધે અટખની પોતાની નળીઓ કે એની સાથે સંકળાયેલી નળીઓ ફાટવાની શકયતામાં વધારો થાય છે. નળી ફાટે એટલે મગજમાં બ્લીંડીગ થાય છે અને હેમરેજ થઈ શકે છે. અટખને કારણે નળી ઉપર થતી અસર દર વર્ષે બે ટકા જેટલી વધે છે. વળી અમુક પ્રકારના સ્ટ્રોકમાં હેમરેજ થવાનું રિસ્ક વધારે હોય છે. જો પહેલાં એક વખત અટખની નસો ફાટી હોય અને એમાં વ્યકિતને બચાવી લેવામાં આવી હોય તો પણ બીજી વખત આવું થવાની શકયતા રહે છે.

### સ્ટ્રોક

AVM ને કારણે વ્યકિત ઉપર તોળાતા ખતરા વિશે વાત કરતા ડોકટર કહે છે કે ઘણા અટખ એવા હોય છે જેના કોઈ લક્ષણો ન દેખાવાના કારણે વ્યકિતમાં એનું નિદાન જ થયું નથી હોતું. પરંતુ એવું ચોકકસ બને કે એ ફાટે અને બ્લીડીંગ ખુબ વધારે થાય જે વ્યકિત માટે ઘાતક નીવડે. બાળકો અને યુવાનોમાં હેમરેજનું મોટું કારણ મગજના અટખ હોય શકે છે. ફકત હેમરેજ નહી અટખનો કારણે વ્યકિતને સ્ટ્રોક પણ આવી શકે છે. સ્ટ્રોકના બે મુખ્ય કારણો હોય છે. એક તો લોહીની નળીઓમાં બ્લોકેજ અને બીજું હેમરેજ. અટખને કારણે થતા હેમરેજને કારણે વ્યકિતને સ્ટ્રોક આવી શકે છે.

### મગજના ટિશ્યુમાં ઓકિસજનની કમી

અટખ હોવાને કારણે લોહી ધમનીમાંથી સીધું શિરામાં જતું રહે છે અને આ દરમ્યાન એનો ફલો ઘણો ઝડપથી થઈ જાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રોબ્લેમ સમજાવતા ડોકટર કહે છે હવે આ AVM ની આસપાસ રહેલા બ્રેઈન ટિશ્યુ આ ઝડપથી વહી જતા લોહીમાંથી પુરતી માત્રામાં ઓકિસજનના અભાવે બ્રેઈન ટીશ્યુ નબળા પડે છે અને મૃત્યુ પામે છે. જેને લીધે સ્ટ્રોક જેવા ચિહ્નો આવી શકે છે. જેમ કે બોલવામાં તકલીફ, નબળાઈ, નિષ્ક્રીયતા, વિઝન લોસ અને વધુ માત્રામાં બેલેન્સનો અભાવ જોવા મળી શકે છે. આ સિવાય અટખમાંથી ઝડપથી પસાર થતા લોહીને કારણે જેમ વ્યકિતની ઉંમર વધતી જાય એમ વધુ ધમનીઓ મગજને લોહી પહોંચાડવાનું કામ કરવા લાગે છે. જેને કારણે અટખની સાઈઝ વધતી જાય છે અને મગજના બીજા ટિશ્યુ ઉપર કે બીજા ભાગો ઉપર દબાણ કરવાનું ચાલું કરે છે એને લીધે મગજના બીજા ભાગો ડેમેજ થવાનું શરૂ કરે છે.

### હેલ્થ ડિકશનરી

સામે પડેલી ચીજ આપણી આંખ કંઈ રીતે જોઈ શકે છે ? જે તે ચીજ ઉપર પ્રકાશના કિરણો પડે તો જ એ પરાવર્તિત થઈને આંખમાં ઝીલાય છે. પ્રકાશના કિરણો કીકીના સેન્ટર દ્વારા આંખમાં પ્રવેશે છે. પ્રકાશ વધુ હોય તો કીકીના સેન્ટરની આસપાસની આઈરિસ તરીકે ઓળખાતી રિંગ સંકોચાય છે. અને જો અંધારૂ હોય તો બરાબર જોઈ શકાય છે અને પુરતો પ્રકાશ કીકીના કેન્દ્ર ઉપર પડી શકે એ માટે આ રિંગ પહોળી થાય. વધુ પડતા પ્રકાશથી આંખને નુકશાન ન થાય એ માટે કુદરતી રીતે જ આંખ આ બદલાવ કરે છે.

પ્રકાશનું કિરણ આંખની કીકીના પાછળ રહેલા લેન્સ ઉપર પડે છે. આ લેન્સ ફલેકિસબલ હોય છે. પ્રકાશનું કિરણ લેન્સમાંથી પસાર થઈને સહેજ વંકાઈને પાછળની તરફ આવેલા રેટિના એટલે કે આંખના પડદા ઉપર ઝિલાય છે. એને કારણે એનું પ્રતિબિંબ રેટિના અમુક ચોકકસ જગ્યાએ ઝીલાય છે. લેન્સમાંથી રેટિના ઉપર પ્રકાશનું કિરણ ઝીલવાની ઘટના આપણે પ્રોજેકટના પડદા ઉપર ઝીલાતા દ્રશ્ય જેવી ટેકનિક ધરાવે છે. જો કે દુરનું કે નજીકનું જોવાનું આવે ત્યારે આ લેન્સ એની જાડાઈ એડજેસ્ટ કરે છે. લેન્સની આ મુવમેન્ટ એને ઝીલનાર સિલિયરી મસલ્સની મુવમેન્ટને કારણે થાય છે. એ ફલેકસિબલ રહે તો જ યોગ્ય પ્રતિબિંબ પડદા ઉપર ઝીલાય અને આપણને સ્પષ્ટ દેખાય. જો દુર પડેલી ચીજ જોવાની હોય તો એ માટે લેન્સ પાતળો રહે છે અને ખુબ નજીકની ચીજ જોવાની વાત હોય તો લેન્સ જાડો થાય છે.


રેટિનામાં લાખોની સંખ્યામાં લાઈટ સેન્સિટિવ સેલ્સ આવેલા છે જેવો આ સેલ્સ ઉપર પ્રકાશ ઝીલાય એટલે તરત જ ઈલેકટ્રીકલ સિગ્નલ નીકળે છે જે ખાસ નર્વ દ્વારા મગજ સુધી પહોંચે છે એ પછી મગજ એ ઈલેકટ્રીક સિગ્નલને ઈમેજના રૂપમાં ટ્રાન્સલેટ કરીને પાછું મોકલે છે જેને કારણે સામે પડેલી ચીજ આપણે જોઈ શકીએ છીએ આટલી બધી ક્રિયાઓ એકસાથે લયબદ્ધ રીતે કામ કરે ત્યારે જ આપણી આંખ જોઈ શકે છે.

### ● ઈલાજ ●

ખપ્સના નિદાન માટે વ્યકિતને અટખ સ્કેન, સેરિબ્રલ એન્જીયોગ્રાફી અને ઈઝ સ્કેન મદદરૂપ થઈ શકે છે. અટખ મગજને નુકશાન પહોંચાડે એ પહેલાં જ જો એનું નિદાન થઈ જાય તો એનો ઈલાજ શકય છે. મોટાભાગે ખપ્સનો ઈલાજ હેમરેજને રોકવા માટે થતો હોય છે. બાકી જો કોઈ ખાસ લક્ષણો હોય તો એના માટે પણ ઈલાજ જરૂરી છે. આ રોગનો ઈલાજ વ્યકિતની ઉંમર, હેલ્થ, અટખની સાઈઝ અને એનું સ્થાન જોઈને જ નકકી કરવામાં આવે છે એના ઈલાજ વિશે વાત કરતા ડોકટર કહે છે કે આ રોગમાં સર્જરી કરવી જરૂરી છે એમાં ત્રણ અલગ પ્રકારની સર્જરી છે. જે આ રોગમાં ઉપયોગી થઈ શકે છે. એક તો સર્જીકલ રિમુવલ એટલે કે જો અટખ મગજમાં કોઈ બહારની બાજુએ હોય જયાં સરળતાથી પહોંચી શકાય તો પરંપરાગત બ્રેઈન સર્જરી કરીને આ અટખને કાઢવામાં આવે છે. બીજી સર્જરી છે એન્ડોવેસ્કયુલર એમ્બોલાઈઝેશન. આ સર્જરીમાં કેથિટરને પગની ધમનીમાં દાખલ કરી દોરા વડે મગજની ધમની સાથે જોડી દેવામાં આવે છે. આ પદાર્થને કારણે અટખને લોહી પહોંચાડતી ધમનીને અને સમગ્ર અટખને બ્લોક કરી દેવામાં આવે છે. આ પધ્ધતી ટ્રેડીશ્નલ પધ્ધતીથી વધુ સેફ છે.

આ સિવાય જો AVM સાઈઝમાં નાનું હોય તો રેડિયોસર્જરી દ્વારા પણ એનો ઈલાજ થઈ શકે છે જેમાં રેડિયેશન દ્વારા ખપ્સનો બ્રેઈનની અંદર જ નાશ કરવામાં આવે છે જે સૌથી સેફ સર્જરી કહી શકાય. ટેસ્ટ કર્યા બાદ અટખ વીશે સંપુર્ણ જાણકારી મેળવીને ડોકટર સુચવે છે કે દર્દીને કયા પ્રકારની સર્જરીની જરૂર છે. ઘણીવાર સર્જરીનું કોમ્બિનેશન કરીને ઈલાજ કરવામાં આવે છે.

# ખંભાળિયાના ખજૂરીયા તથા લલીયા ગામે યોજાઈ ચુનાવ પાઠશાળા






જામ ખંભાળિયા, તા. ૨

લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થનારા મતદાનમાં ખંભાળિયા સહિત જિલ્લાના મતવિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત છે. અહીં મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ખંભાળિયા તાલુકાના ખજૂરીયા ગામે આવેલી નવી પ્રાથમિક શાળા તેમજ લલીયા ગામની પ્રાથમિક શાળામાં ચુનાવ પાઠશાળા યોજવામાં આવી હતી. અને લોકશાહીના આ અવસરમાં મતદાન કરવા, મતદાતાઓને તેમના મતદાનનું મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ તેમના વાલીની સાથે સાથે અન્ય લોકોને પણ મતદાન કરવા અંગે પ્રેરણા આપવા પ્રતિજ્ઞા લીધી હતી.

## ખંભાળિયામાં લાયન્સ કલબના ઉપક્રમે આગામી રવિવારે રક્તદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ કલબના ઉપક્રમે આગામી રવિવાર તા. ૭ ના રોજ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શિવમ સોસાયટી તથા લોહાણા મિત્ર મંડળના સંયુક્ત ઉપક્રમે, સ્વ. રામભા ખીમભા બાબરીયાની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે (હસ્તે પંકજભાઈ બાબરીયા)ના સહયોગથી અત્રે નગર ગેઈટ પાસે આવેલી શેઠ કાનજી ચતુ ધર્મશાળા રવિવારે સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા સુધી આ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો છે.

આ રક્તદાન કેમ્પમાં દરેક રક્તદાતાઓને આકર્ષક સ્મૃતિ ભેટ તથા પ્રમાણપત્ર આપવામાં આવશે. રક્તદાન રૂપિયા આ સેવાયજ્ઞમાં સહભાગી થવા લાયન્સ કલબના પ્રમુખ નિમિષાબેન નકુમ, લોહાણા મિત્ર મંડળના પ્રમુખ પ્રફુલભાઈ દાસાણી તેમજ શિવમ સોસાયટી વતી મહેશભાઈ નકુમ અને દિનેશભાઈ બોડા દ્વારા અપીલ કરવામાં આવી છે.

## એસટી સ્ટાફ દ્વારા મુસાફરનો રૂા.૧૫ હજારનો મોબાઈલ પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂં પાડયું



માણાવદર તા. ૨

બાંટવા-જૂનાગઢ રૂટની બસમાં રસીકભાઈ ચંદવાણીયા તેમના પરિવાર સાથે મુસાફરી કરવા બેઠા હતા. તેઓ વંથલી બસ સ્ટેન્ડમાં ઉતર્યા બાદ ખીસ્સામાં મોબાઈલ જોવા નહી મળતા વંથલી ટ્રાફીક કંટ્રોલર નાજાભાઈ કોડીયાતરનો રજુઆત કરતા નાજાભાઈએ બાંટવા-જૂનાગઢ રૂટની બસના કંડકટર માંડાભાઈ હુણને ફોન ઉપર વાત કરતા જણાવ્યું કે, મુસાફર બસમાં રૂા.૧૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન ભુલી ગયા છે તેમ જણાવતા કંડકટરે કહયું કે ફોન મળેલો છે અને પરત રૂટમાં ફરશું ત્યારે વંથલી ડેપોમાં આપી જશું તેમ જણાવતા રસીકભાઈને હાંશકારો થયેલ હતો. અને આ રૂટની બસ પરત ફરતા વંથલી ડેપોમાં મુસાફરનો મોબાઈલ પરત કરી ડ્રાઈવર રમેશભાઈ હુંબલ તથા કંડકટર માંડાભાઈ હુણએ પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂં પાડયું છે.

### ૮મી એપ્રિલે સૂર્યગ્રહણ

# શું ચશ્મા વિના સૂર્ય ગ્રહણ જોવાથી આંધળા થઈ જવાય છે? જાણો શું કહે છે નિષ્ણાંતો

**ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે : ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે**

નવી દિલ્હી, તા.૨

ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે. ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે, તેથી જ ભારતીય સમાજ અને સમગ્ર વિશ્વમાં તેના વિશે વધુ ગંભીર કહાનીઓ ફેલાયેલી છે.ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે. ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે, તેથી જ ભારતીય સમાજ અને સમગ્ર વિશ્વમાં તેના વિશે વધુ ગંભીર કહાનીઓ ફેલાયેલી છે. જેમ કે કહેવાય છે કે સૂર્યગ્રહણ નરી આંખે જોઈ શકાતું નથી. જો કોઈ આવું કરશે તો તે અંધ બની જશે. પરંતુ હવે પ્રશ્ન એ થાય છે કે શું ખરેખર આવું થાય છે. ચાલો તમને આ પ્રશ્નનો જવાબ આપીએ. ૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સમગ્ર અમેરિકામાં સૂર્યગ્રહણ જોવા મળશે. આ પૂર્ણ સૂર્યગ્રહણ હશે.

આવી સ્થિતિમાં ઘણા લોકોના મનમાં એક પ્રશ્ન હોય છે કે જો તેઓ આ સૂર્યગ્રહણ ચશ્મા વિના જોશે તો શું તેમની આંખોની રોશની ઘટી જશે? જ્યારે જે લોકો પાસે ચશ્મા નથી તેઓ કોઈ બીજી વસ્તુની મદદથી સૂર્યગ્રહણ જુએ છે. ઘણી વખત ભારતીય ગામડાઓમાં લોકો એક્સ-રે શીટ્સની મદદથી આ પ્રકારના સૂર્યગ્રહણને જુએ છે.આ મામલે અમેરિકન સ્પેસ એજન્સી નાસાનું કહેવું છે કે જો તમે સૂર્યગ્રહણને નરી આંખે જોશો તો તે તમને અંધ નહીં બનાવી દે. જો કે, જો તમે લાંબા સમય સુધી સૂર્યને જોતા રહો તો તે તમારી આંખોના રેટિનાને અસર કરી શકે છે. હકીકતમાં, પૂર્ણ સૂર્યગ્રહણમાં, ૯૯ ટકા સૂર્ય ઢંકાયેલો હોવા છતાં, તેની કિનારીઓમાંથી માત્ર એક ટકા પ્રકાશ મળે છે.આ પ્રકાશ તમારી આંખોને અસર કરી શકે છે અને તમારા રેટિનાને નુકસાન પહોંચાડી શકે છે. તેથી, જ્યારે પણ તમે સૂર્યગ્રહણ જુઓ ત્યારે તમને ચશ્માનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. ધ્યાનમાં રાખો કે આ ચશ્મા પારદર્શક ન હોવા જોઈએ પરંતુ સનગ્લાસ હોવા જોઈએ, એટલે કે તેમના ચશ્મા કાળા હોય તો વધુ સારું રહેશે.

### ‘સપના, મજબૂરી અને સમયની તંગી...’

## ટ્રાફિકમાં ફૂડ ડિલિવરી બોયે કર્યું આવું કામ, વીડિયો જોયા બાદ લોકોએ કર્યા સલામ

નવી દિલ્હી, તા.૨

‘જ્યારે તમારા દિલમાં કંઈક કરવાનો ઝનૂન હોય છે, ત્યારે કોઈ મંઝિલ દૂર નથી હોતીપ’ આ વાયરલ વીડિયોમાં દેખાતો છોકરો આ વાતને સાચી સાબિત કરી રહ્યો છે. સોશિયલ મીડિયા સાઈટ પર ઝોમેટોના ડિલિવરી બોયનો વીડિયો જોવા મળી રહ્યો છે. તે તેની બાઈક સાથે ટ્રાફિકમાં ઉભો જોવા મળે છે, પરંતુ આનાથી નેટીઝન્સ પ્રભાવિત થયા નથી. બલ્કે તેના મોબાઈલમાં ચાલતા વીડિયોએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.ઝોમેટો એજન્ટ ફૂડ ડિલિવરી દરમિયાન યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની તૈયારી પરનું લેક્ચર જોઈ રહ્યો હતો. આ વિડિયો જોયા પછી મને ‘જીગર મુરાદાબાદી’ની પંક્તિ યાદ આવી રહી છે, ‘જો તુફાનો મે પલતે જા રહે હૌ, વોહ દુનિયા બદલતે જા રહે હે.’સોશિયલ મીડિયાપર વીડિયો શેર કરતી વખતે આયુષ સાંઘી નામના યુઝરે કેપ્શનમાં લખ્યું, ‘આ વીડિયો જોયા પછી મને નથી લાગતું કે તમને સખત અભ્યાસ કરવા માટે અન્ય કોઈ પ્રેરણાની જરૂર પડશે.’ ડિલિવરી બોય તમામ વાહનો વચ્ચે ટ્રાફિક સિગ્નલની રાહ જોતો જોવા મળે છે. પરંતુ સમય બગાડ્યા વિના તે બાઈકના હેન્ડલ પર મૂકેલા તેના મોબાઈલ ફોન પર યુનિયન પબ્લિક સર્વિસ કમિશન સંબંધિત વીડિયો જોઈ રહ્યો છે.આ વીડિયો ૨૯ માર્ચે સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. પોસ્ટ કર્યા પછી તેને હજારો વ્યુઝ, લાઈક્સ અને કોમેન્ટ્સ મળી છે. લોકોએ કોમેન્ટ સેકશનમાં પોતાની પ્રતિક્રિયાઓ પણ વ્યક્ત કરી છે.એક યૂઝરે લખ્યું કે આ લોકોને જોયા પછી તેને સખત મહેનત કરવાની ઈચ્છા થઈ. અન્ય એક વ્યક્તિએ લખ્યું, ‘અંતિમ મુકામ સુધીનો રસ્તો મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ ઈનામ અમૂલ્ય હશે.’ ત્રીજાએ લખ્યું, ‘આ વિડિયો ખૂબ જ પ્રેરણાદાયક છે; આ મને પહેલા કરતા વધુ મહેનત કરવા પ્રેરે છે.એક યુઝરે લખ્યું, ‘ટ્રાફિકમાં ઝોમેટો એજન્ટને શીખવતા લેક્ચરરનો વીડિયો જોવો, અમને યાદ અપાવે છે કે શીખવામાં કંઈપણ સીમા કે અડચણ ન બની શકે. શીખવાની કોઈ મર્યાદા નથી! જિજ્ઞાસાને જીવંત રાખો, નવી વ્યૂહરચના અપનાવો અને દરેક અનુભવમાંથી વિકાસ કરો. ચાલો સાથે વધીએ!’

### તા.૩૧ માર્ચે મેચ રમાઈ હતી

# હાર બાદ ચેન્નાઈને નુકસાન, દિલ્હીની મોટી છલાંગ

**મેચ હાર્યા બાદ ચેન્નાઈ સુપર કિંગ્સ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને સરકી ગઈ છે : તેમની પાસે KKRની બરાબર ૪ પોઈન્ટ છે**

નવી દિલ્હી, તા.૨

ચેન્નાઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ૩૧ માર્ચે મેચ રમાઈ હતી. દિલ્હીએ પહેલા રમતા ૧૯૧ રન બનાવ્યા હતા, પરંતુ ચેન્નાઈ ૨૦ ઓવરમાં ૧૭૧ રન જ બનાવી શકી અને ૨૦ રને મેચ હારી ગઈ. રિષભ પંત અને ડેવિડ વોર્નરની અડધી સદીએ દિલ્હીને મોટા સ્કોર સુધી પહોંચાડ્યું અને બોલરોએ બાકીનું કામ કર્યું. ખાસ કરીને મુકેશ કુમાર અને ખલીલ અહેમદે CSKની બેટિંગ લાઈન-અપની કમર તોડી નાખી હતી. મેચ હાર્યા બાદ ચેન્નાઈ સુપર કિંગ્સ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને સરકી ગઈ છે. તેમની પાસે KKRની બરાબર ૪ પોઈન્ટ છે, પરંતુ નીચા નેટ રન-રેટને કારણે ચેન્નાઈ બીજા સ્થાને પહોંચી ગઈ છે. બીજી તરફ, દિલ્હી કેપિટલ્સે આઈપીએલ ૨૦૨૪માં તેમની પ્રથમ જીત નોંધાવી છે અને ૨ મહત્વપૂર્ણ પોઈન્ટ એકત્રિત કર્યા છે. દિલ્હી હવે નવમાથી સાતમા સ્થાને પહોંચી ગયું છે. ચેન્નાઈ સુપર કિંગ્સની હારને કારણે કોલકાતા નાઈટ રાઈડર્સ હવે ટોચ પર આવી ગયું છે, જેની પાસે હાલમાં ૪ પોઈન્ટ છે અને નેટ રન-રેટ +૧.૦૪૭ છે. ત્રીજા સ્થાને રાજસ્થાન રોયલ્સ છે. તેના પણ હવે ૪ પોઈન્ટ છે, પરંતુ નેટ રન-રેટ KKR એટલે કે +૦.૮૦૦ કરતા ઓછો છે. ગુજરાત ટાઈટન્સ ૩૧ માર્ચે રમાયેલી પ્રથમ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને ૭ વિકેટે હરાવીને પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને આવી ગયું છે અને તેના પણ હવે ૪ પોઈન્ટ છે. SRHના હાલમાં ૨ પોઈન્ટ છે અને ગુજરાત સામેની હાર બાદ તેમની ટીમ પાંચમા સ્થાને સરકી ગઈ છે. લખનૌ સુપર જાયન્ટ્સ પાસે પણ ૨ પોઈન્ટ છે, જે પોઈન્ટ ટેબલમાં હાલમાં છઠ્ઠા ક્રમે છે.

પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર હાલમાં અનુક્રમે આઠમા અને નવમા સ્થાને છે. બીજી તરફ મુંબઈ ઈન્ડિયન્સ ૨ મેચમાં ૨ હાર બાદ હજુ સુધી પોતાનું ખાતું ખોલાવી શકી નથી. આ કારણે હાર્દિક પંડ્યાની કેપ્ટન્સીમાં મુંબઈ હાલ પોઈન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને છે. દિલ્હી સામેની મેચમાં ધોની પહેલીવાર બેટિંગ કરવા મેદાનમાં આવ્યો હતો. દિલ્હીના ફાસ્ટ બોલર મુકેશ કુમારે મેચમાં પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. મુકેશે ધોની અને જાડેજાની સામે ૧૯મી ઓવરમાં માત્ર ૫ રન જ ખર્ચ્યા અને ટીમને જીત અપાવવામાં મહત્વનું યોગદાન આપ્યું. આ મેચમાં ચેન્નાઈને ૨૦ રને હારનો સામનો કરવો પડ્યો હતો.

### દરિયા કિનારે ફરવા ગયેલી

# મહિલાએ શોધ્યો ૧૮ લાખ વર્ષ જુનો ‘ખજાનો’, જાણો શું છે તેમાં

**ઈંગ્લેન્ડના એક્ઝેટરમાં રહેતી ૫૬ વર્ષીય ક્રિસ બીન બીચ પર ચાલી રહી હતી ત્યારે તેણે રેતી અને કાંકરી વચ્ચે કંઈક જોયું**

નવી દિલ્હી, તા.૨

લાખો વર્ષો પહેલા વિશ્વમાં વિશાળકાય પ્રાણીઓ રહેતા હતા. ડાયનાસોર વિશે તો દરેક જણ જાણે છે, પરંતુ બહુ ઓછા લોકો એ પણ જાણતા હશે કે પહેલા વિશાળકાય હાથીઓ પણ પૃથ્વી પર વસવાટ કરતા હતા. આ મેમોથ કહેવાતા. આજે પણ તેમના અવશેષો વિશ્વના વિવિધ ભાગોમાં જોવા મળે છે. આવું જ કંઈક ઈંગ્લેન્ડમાં પણ જોવા મળ્યું છે. બીચ પર ચાલતી એક મહિલાએ કંઈક અજુગતું જોયું અને ખોદવાનું શરૂ કર્યું અને તેને મેમથ મળ્યો હતો. ઈંગ્લેન્ડના એક્ઝેટરમાં રહેતી ૫૬ વર્ષીય ક્રિસ બીન બીચ પર ચાલી રહી હતી ત્યારે તેણે રેતી અને કાંકરી વચ્ચે કંઈક જોયું. તેણે થોડું ખોદકામ કર્યું ત્યારે તેને લાખો વર્ષ પહેલા જીવતા મેમથના અવશેષો મળ્યા. . તેણે કહ્યું, “મેં તે વસ્તુ જમીન પર પડેલી જોઈ અને મને લાગ્યું કે તે દાંત અથવા તેના જેવું જ કંઈક હોઈ શકે છે. જ્યારે મેં મારા હાથ વડે ખોદવાનું શરૂ કર્યું, ત્યારે મને સમજાયું કે તે જમીનની અંદર એટલી ઊંડી છે કે મને મળી નથી. તે. હું તેને ખોદી શકીશ નહીં. ક્રિસ બીને કહ્યું કે તે તેના પતિ સાથે બીચ પર ગઈ હતી. તેણે કહ્યું કે જ્યારે મારા પતિ અને મેં સાથે મળીને ખોદકામ કર્યું ત્યારે અમને ખબર પડી કે તે અશ્મિભૂત દાંત છે. ક્રિસે કહ્યું, “નોર્થ એક્સના દરિયાકિનારા આવી વસ્તુઓ શોધવા માટે પ્રસિદ્ધ છે. પરંતુ હું હજી પણ પોતે તેના પર વિશ્વાસ કરી શકતો ન હતો અને ખોદતી વખતે મને આશા હતી કે તે મેમથનો દાંત છે.” તેણે કહ્યું કે જ્યારે દાંત કાઢવામાં આવ્યો ત્યારે અમે બંને લાંબા સમય સુધી હસતા રહ્યા. જે મેમથ દાંતની શોધ કરવામાં આવી છે તે ૬.૫ થી ૭ ઈંચ લાંબા અને પહોળા છે. તેનું વજન લગભગ ૨ કિલો છે. આના પરથી અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે જ્યારે દાંત આટલો ભારે હોય છે તો આ પ્રાણી કેટલું વિશાળ હશે. મેમથ ૧૮ લાખ વર્ષ પહેલા પૃથ્વી પર રહેતા હતા. તેમની રચના બિલકુલ હાથીઓ જેવી હતી, પરંતુ તેમને ઠંડીથી બચાવવા માટે શરીર પર એક જાડું પડ હતું. તેમની પાસે હાથીઓની જેમ થડ અને લાંબા દાંત હતા. મેમોથના અવશેષો પુરાતત્વવિદો અને વૈજ્ઞાનિકો માટે ખજાના જેવા છે.

## • રમઝાન મુબારક •




### અત્યાચારીઓથી દૂર થઈ જાઓ

“તે તમને જે વાતથી રોકે છે તે તો એ છે કે તમે તે લોકો સાથે મિત્રતા કરો જેમણે તમારાથી દીન (ધર્મ)ના બાબતે યુદ્ધ કર્યું છે અને તમને તમારા ઘરોમાંથી કાઢ્યા છે અને તમને કાઢી મૂકવામાં એકબીજાની મદદ કરી છે. તેમના સાથે જે લોકો મિત્રતા કરે તેઓ અત્યાચારી છે.“ (૬૦:૯)

| | |
|---|---|
| રોઝા | - ૨૨ મંગળવાર |
| ઈફતાર | - ૭ : ૦૭ |
| રોઝા | - ૨૩ બુધવાર |
| શહેરી | - ૫ : ૨૫ |

આ આયતમાં હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અનુયાયી મક્કાના મુસ્લિમોને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે જે લોકોએ ધર્મની બાબતમાં તમારી સાથે લડાઈ કરી, તમને મક્કાથી નીકળી જવા મજબૂર કર્યા અને તમને સતાવવામાં એકબીજાની મદદ કરી તેમની સાથે મિત્રતા રાખવી હિતાવહ નથી. અહિંયા એ વાત વિચાર યોગ્ય છે કે આવા લોકો સાથે માત્ર મિત્રતા ન રાખવાના આદેશ, યુદ્ધથી બચવા અને શાંતિની સ્થાપનાની આનાથી વધુ સારી વાત શું હોય શકે.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

## રાશન કાર્ડ પર મફતમાં મળશે બ્રાન્ડેડ દારુ, ઉમેદવારે જનતાને આપ્યું વચન

**વનિતાનું કહેવું છે કે, ગરીબ લોકોને મોંઘા દારુ પીવા મળતા નથી : તેઓ દેશી દારુ પીને જ્યાંને ત્યાં પડી રહેતા હોય છે**

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રના ચંદ્રપુર લોકસભા સીટ પરથી ચૂંટણી મેદાનમાં ઉતરેલી એક મહિલા ઉમેદવાર વનિતા રાઉત હાલમાં ખૂબ જ ચર્ચામાં છે. હકીકતમાં જોઈએ તો, તેમણે ચૂંટણીમાં વચન આપ્યું છે, જે બાકીના ઉમેદવારોથી કંઈક અલગ છે. આવું ચોંકાવનારો વાયદો ભાગ્યે જ સાંભળ્યો હશે. તેમણે લોકોને મફતમાં દારુ આપવાનું વચન આપ્યું છે. અખિલ ભારતીય માનવતા પાટીની વનિતા રાઉતને પેનની નીપ ચૂંટણી ચિન્હ મળ્યું છે. તેઓ પોતાના ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. વનિતા રાઉતે કહ્યું કે, જો તેઓ સાંસદ બન્યા તો, સાંસદ નિધિમાંથી તેઓ રાશન કાર્ડ પર જેમ રાશન મળે છે, તેવી જ રીતે ઉંચ્ચ ક્વાલિટીની વિસ્કી અને બિયર પણ ગરીબોને આપવામાં આવશે. સાથે જ બેરોજગાર યુવકોને દારુની દુકાનો ખોલીને આપશે. વનિતાનું કહેવું છે કે, ગરીબ લોકોને મોંઘા દારુ પીવા મળતા નથી. તેઓ દેશી દારુ પીને જ્યાંને ત્યાં પડી રહેતા હોય છે. એટલા માટે સસ્તા ભાવે સારો દારુ આપીને તેમને ખુશ જોવા માગે છે. આજે લોકો બેફામ દારુ પીવે છે. જેનાથી તેમના ઘર બર્બાદ થઈ રહ્યા છે. જો પીવાવાળા પાસે પીવાનું લાયસન્સ હશે તો તે લિમિટમાં દારુ પીશે અને ઘર પણ બરબાદ થશે નહીં. પહેલા પણ ચૂંટણી લડી ચુકી છે વનિતા વનિતા રાઉતે પહેલી વાર આ ચૂંટણીમાં ઊભી રહી છે, એવું નથી. ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં પણ તેઓ નાગપુર સીટ પર ઉભા રહ્યા હતા. ૨૦૧૯માં જ વિધાનસભા ચૂંટણીમાં ચિમૂર વિધાનસભાથી ઊભા રહ્યા હતા. ત્યારે પણ વનિતાએ વચન આપ્યું હતું અને ડિપોઝીટ પણ જપ્ત થઈ ગઈ હતી. તેમ છતાં પણ આ વખતે તેઓ ચૂંટણીમાં ઊભા રહ્યા છે.

### રાજકોટની આંગડીયા પેઢીમાં લૂંટ

# રૂપિયા ૩૫ લાખ ભરેલી બેગ લઈને કર્મચારી જ થયો ફરાર

**ગઈ ૧૦ માર્ચે રાજકોટમાં આ લૂંટની ઘટના ઘટી હતી, રાજકોટના ગોંડલ રોડ પર આવેલી આંગડીયા પેઢી છે**

રાજકોટ, તા.૨

રાજકોટમાંથી આંગડીયા પેઢીમાંથી એક ચોંકાવનારી લૂંટની ઘટના સામે આવી છે, શહેરના ગોંડલ રોડ પર આવેલી એક આંગડીયા પેઢીમાંથી કર્મચારીએ જ ૩૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ સમગ્ર ઘટના ગઈ ૧૦ માર્ચે ઘટી હતી જોકે, આંગડીયા પેઢીના મેનેજરે ગઈકાલે કર્મચારી વિરૂદ્ધ લૂંટનો કેસ નોધાવ્યો હતો. ખરેખરમાં, ઘટનાની વિગતો એવી છે કે, ગઈ ૧૦ માર્ચે રાજકોટમાં આ લૂંટની ઘટના ઘટી હતી, રાજકોટના ગોંડલ રોડ પર આવેલી આંગડીયા પેઢી જેનું નામ એસ.રમેશચંદ્ર છે, જેમાં એક કર્મચારી કામ કરતો હતો, જેનું નામ અર્જૂનસિંહ જાડેજા છે, તેને આ સમગ્ર લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર, ગઈ ૧૦ માર્ચે જ્યારે એસ. રમેશચંદ્ર આંગડીયા પેઢીના મેનેજર વતનમાં ગયા હતા, આ દરમિયાન તકનો લાભ લઈને આંગડીયા પેઢીમાં કામ કરતાં કર્મચારી અર્જૂનસિંહ જાડેજાએ ૩૫.૫ લાખ રૂપિયાથી ભરેલી બેગની ઉઠાંતરી કરી હતી, અર્જૂનસિંહ જાડેજા મૂળ પાટણનો વતન હતો અને ગોંડલની આ આંગડીયા પેઢીમાં કામ કરતો હતો.

કર્મચારી અર્જૂનસિંહ ૩૫ લાખ રૂપિયાથી ભરેલી બેગ લઈને ફરાર થઈ હતો. જ્યારે આંગડીયા પેઢીના મેનેજરને આ વાતની જાણ થઈ તો તેમને એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લૂંટની ઘટના અંગે ફરિયાદ નોંધાવી હતી.

# c-VIGIL એપ થકી ચૂંટણી પ્રક્રિયામાં મતદારો બની રહ્યા છે ચૂંટણી પંચના સક્રિય સાથીદાર

## c-VIGIL એપ થકી કઈ રીતે કરવામાં આવે છે ફરિયાદોનો નિકાલ?

● c-VIGIL એપ પર જાગૃત મતદાર દ્વારા ફોટો કે વીડિયો સાથે ફરિયાદ દાખલ કરવામાં આવે છે. (એપ દ્વારા ફોટો કે વીડિયો પુરાવા લીધાની ૧૫ મીનિટમાં ફરિયાદની વિગત દાખલ કરવાની રહેશે) ● ઍપ્લિકેશન આ ફરિયાદનું યુનિક આઈ-ડી દર્શાવશે ● આ ફરિયાદ જિલ્લાના કંટ્રોલ રૂમમાં મળે છે ● કંટ્રોલ રૂમથી ફ્લાઈંડ સ્ક્વોર્ડકે સ્ટેટીક સર્વેલન્સ ટીમ જેવા ફિલ્ડ યુનિટને જાણ કરવામાં આવે છે ● ફિલ્ડ યુનિટ ફરિયાદ અંગેની તપાસનો ઑનલાઈન રિપોર્ટ ફાઈલ કરે છે ● આ રિપોર્ટ રિર્ટનિંગ ઑફિસરને મળે છે ● જો ફરિયાદ સાચી પુરવાર થાય તો રિર્ટનિંગ ઑફિસર દ્વારા ભારતના ચૂંટણી પંચની સૂચનાનુસાર જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

વેરાવળ તા.૨

લોકતાંત્રિક પ્રક્રિયાનો આધાર એટલે ચૂંટણી. સમાજના તમામ વર્ગોને સમાન તક સુનિશ્ચિત કરવા અનેસમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સર્વસમાવેશી બનાવવા ભારતના ચૂંટણી પંચ દ્વારા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હવે ચૂંટણીમાં મતદારની ભૂમિકા માત્ર મતાધિકારના ઉપયોગ પૂરતી જ નથી રહી; આદર્શ લોકશાહીના પ્રહરી તરીકે તટસ્થ અને ન્યાયી ચૂંટણીઓના સંચાલનમાં જાગૃત મતદારો ભારતના ચૂંટણી પંચના સહયોગી પણ બની રહ્યા છે.

કોઈપણ જાતના પ્રલોભન, ધાક-ધમકી કેઅનૈતિક આચરણ વગર શાંતિપૂર્ણ વાતવરણમાં સંપન્ન થતી ચૂંટણીઓ એ તંદુરસ્ત લોકશાહીનું લક્ષણછે. આદર્શ આચારસંહિતાનું સુચારૂપણે પાલન થાય અનેનૈતિકતાપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલા અનેક પ્રયાસો પૈકી IT પહેલના ભાગરૂપે c-VIGIL મોબાઈલ ઍપ્લિકેશન વિકસાવવામાં આવી છે. જેમુખ્ય નિર્વાચન અધિકારીથી લઈ મતદાર સુધીના સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં જોડાયેલા તમામ વ્યક્તિઓને સાંકળી લઈ આદર્શ આચારસંહિતાના કેસોનો ત્વરિત નિકાલ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ પુરવાર થઈ છે.

ગત ચૂંટણીઓમાં c-VIGILએપ દ્વારામળેલી ફરિયાદોની વિગતો જોઈએ તો એ સ્પષ્ટ થશે કે ભારતના ચૂંટણી પંચના તટસ્થ અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં ચૂંટણીઓ યોજાવાના નિષ્ઠાપૂર્ણ પ્રયાસોમાં જાગૃત નાગરિકો પણ મોટી સંખ્યામાં સહભાગી થઈ રહ્યા છે.ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨માં c-VIGIL એપ મારફત ૫,૯૧૫ ફરિયાદો મળી હતી. જે પૈકી ૪,૭૦૬ફરિયાદોનોચૂંટણી તંત્ર દ્વારા ૧૦૦ મિનિટ કરતાં ઓછા સમયમાં યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. c-VIGILએપ પર મળેલી કુલ ફરિયાદો સામે સરેરાશ માત્ર ૩૮ મિનિટ જેટલા ટૂંકા સમયગાળામાં યોગ્ય પગલાં લેવામાં આવ્યા હતા. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે ચૂંટણીની જાહેરાતથી તા. ૦૧ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં c-VIGIL એપ મારફત ૮૧૪ ફરિયાદો મળી છે. આ તમામ ફરિયાદોનો યોગ્ય અને ત્વરિત નિકાલ કરવામાં આવ્યો છે.c-VIGIL એપ મારફત મળેલી ૮૧૪ ફરિયાદોમાંથી ૫૯૨ જેટલી ફરિયાદોનો ચૂંટણી તંત્ર દ્વારા ૧૦૦ મિનિટ કરતાં ઓછા સમયમાં નિકાલ કરવામાં આવ્યો છે.

c-VIGIL થકી આદર્શ આચારસંહિતાઉલ્લંઘનના કેસોના સફળ નિકાલ પાછળ મુખ્યત્વે ત્રણ વિશેષતાઓ મહત્વની છે. સૌથી પહેલા તો, c-VIGIL દ્વારા ચૂંટણી સંબંધિત કથિત ઉલ્લંઘનના ઍપ્લિકેશનથી જ રિયલ ટાઈમ ફોટા કે વીડિયો લેવાના રહે છે, એટલે કે ઍપ્લિકેશન દ્વારા લેવામાં આવેલા ફોટો કે વીડિયો સિવાય ફોન ગેલેરીમાંથી તે અપલોડ કરી શકાતા નથી. એટલે કે, c-VIGIL દ્વારા મળેલી ફરિયાદ અંગેના પુરાવાની સત્યતા સ્વયંસિદ્ધ હોય છે, જેના કારણે ફરિયાદની તપાસ પાછળ થતો સમયનો બિનજરૂરી વ્યય અટકે છે. બીજું કે, c-VIGIL દ્વારા લેવામાં આવેલા ફોટો કે વીડિયો પુરાવા ઑટોમેટીકલી Geotagથાય છે. જેથી ફરિયાદમાં દર્શાવવામાં આવેલા સ્થળની ખરાઈ થઈ શકવાની સાથે ફ્લાઈંગ સ્કવોર્ડને તે સ્થળ પર ઝડપથી પહોંચવામાં મદદ મળે છે.

c-VIGILની સૌથી ઉત્કૃષ્ટ બાબત રિસ્પોન્સ ટાઈમ એટલે કે ફરિયાદના નિકાલ માટેની સમયમર્યાદા છે. c-VIGIL પર મળેલી ફરિયાદોનો ચૂંટણી તંત્ર દ્વારામાત્ર ૧૦૦ મિનિટમાં યોગ્ય નિકાલ કરવામાં આવે છે. ફરિયાદના સ્થળથી એકદમ નજીકની ચૂંટણી પંચની ફલાઈંગ સ્કવોડ ૧૫ મિનિટની અંદર ફરિયાદ સ્વીકારે છે અથવા સંબંધિત તંત્રને સૂચના આપે છે. ત્યારપછીની ૩૦ મિનિટમાં પ્રારંભિક તપાસ પૂર્ણ કરવામાં આવે છે અને ત્યારપછીની ૫૦ મિનિટમાં સક્ષમ અધિકારી દ્વારા કેસનો યોગ્ય નિકાલ કરવામાં આવે છે. વળી c-VIGILએપ થકી ફરિયાદ મળવાના કારણે ફરિયાદ સંબંધી સંપૂર્ણ પ્રક્રિયા પેપરલેસ છે. પોતાના સ્માર્ટ ફોનમાં c-VIGIL એપ ડાઉનલોડ કરી કોઈપણ નાગરિક આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘન, ચૂંટણીઓ દરમિયાન ધાક-ધમકી કે પ્રલોભનો સહિતના અનૈતિક આચરણઅને ચૂંટણી ખર્ચમર્યાદાના ઉલ્લંઘન અંગે પુરાવા સાથે ફરિયાદ નોંધાવી શકે છે.

પોતાની ઓળખ જાહેર કરનાર નાગરિકો તેમણે કરેલી ફરિયાદનું સ્ટેટસ પણ જાણી શકે તેવી સુવિધા c-VIGIL એપમાં આપવામાં આવી છે. જો કે, પોતાની ઓળખ છતી ન કરવા માંગતા નાગરિકો પણ ફરિયાદ કરી શકે છે અને તે ફરિયાદો પર પણ નિર્ધારિત સમયમર્યાદામાં કાર્યવાહી કરવામાં આવે છે. વીતતા સમય સાથે લોકતંત્રમાં ભારતના ચૂંટણી પંચના આદર્શ ચૂંટણીઓ યોજવાના પ્રયાસો અને સુલભ ચૂંટણી સંચાલનમાં મતદારોની ભાગીદારી વધી છે.જેમાંસમયસર અને અસરકારક પગલાં લેવાની c-VIGILની ક્ષમતાએ મતદારોમાં અડગ વિશ્વસનીયતા કેળવી છે.

## કેવા કિસ્સાઓમાં c-VIGIL દ્વારા કરી શકાય છે ફરિયાદ?

- પૈસા, ગિફ્ટ/કુપન કે દારૂની વહેંચણી
- મંજૂરી વગર લગાવવામાં આવેલા પોસ્ટર્સ/બેનર્સ
- હથિયારોનું પ્રદર્શન અને ધાક-ધમકી
- મંજૂરી વગર વાહન કે કૉન્વોયનો ઉપયોગ
- પેઈડ ન્યુઝ
- મતદાનના દિવસે રાજકીય પક્ષો દ્વારા મતદારોનું પરિવહન
- મતદાનમથકના ૨૦૦ મીટર અંદર પ્રચાર
- પ્રચાર પર પ્રતિબંધના સમયગાળામાં પ્રચાર
- ધાર્મિક-સાંપ્રદાયિક ભાષણોઅને સંદેશાઓ
- અનુમતિ સમય સિવાય સ્પીકરનો ઉપયોગ
- ફરજીયાત ઘોષણાપત્ર વગર પોસ્ટર્સ

# ખંભાળિયાના વાડીનાર નજીકના દરિયામાં "સમુદ્ર પાવક" જહાજને કાર્યરત કરાયું





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ સમુદ્ર પાવક જે એક વિશિષ્ટ પ્રદૂષણ નિયંત્રક છે, અને આ જહાજ ભારતના તેલ અને ગેસ ઉદ્યોગ માટેના નિર્ણાયક વિસ્તાર એવા કચ્છના અખાતમાં પ્રદૂષણ સામે અસરકારક પગલાં લેવા માટે સોમવાર તા. ૧ એપ્રિલના રોજ ખંભાળિયા નજીકના વાડીનાર ખાતે પુન સ્થાપિત કરવામાં આવી છે.

આઈસીજીએસ સમુદ્ર પાવક એ અદ્યતન પ્રદૂષણ નિયંત્રણ જહાજ છે. આ જહાજ સમુદ્રમાં ઢોળાયેલા ઓઈલને દૂર કરવા માટે અધ્યતન ટેકનોલોજી અને સંસાધનો ધરાવે છે. વાડીનાર ખાતે તેનું સ્થાન કચ્છના અખાતમાં કોઈપણ સંભવિત જોખમોને પહોંચી વળવા માટે આઈસીજીની તૈયારીમાં નોંધપાત્ર વધારો કરશે.

જે ભારત દ્વારા આયાત કરવામાં આવતા કુલ ૭૦ ટકા જેટલો હિસ્સો ધરાવતા તેલનું સંચાલન કરે છે.

કચ્છનો અખાત અસંખ્ય ઓઈલ હેન્ડલિંગ કંપનીઓ, સિંગલ પોઈન્ટ મુરિંગ્સ (એસપીએમ) અને રિફાઈનરીઓનું ઘર છે. અહીં આ જહાજને સ્થાન આપવાથી આગામી સમયમાં દરિયાઈ પ્રદૂષણની ઘટનાઓ રોકવા તેમજ દેશની ઉર્જા સુરક્ષા માટે મદદરૂપ થશે. વાડીનાર ખાતે આ જહાજને સ્થાયી કરવાથી આઈ.સી.જી. ઘટના સ્થળ પર ઝડપથી પહોંચવામાં સક્ષમ બનશે. સાથે સાથે સંભવિત પર્યાવરણીય નુકસાનને ઓછું કરશે.

આ ઉપરાંત આ જહાજ ઉદ્યોગના હિસ્સેદારો અને પ્રદૂષણ પ્રતિભાવ એજન્સીઓ વચ્ચે વધુ સારા સંકલન અને સહયોગ માટે પરવાનગી આપશે. કચ્છના અખાતમાં આ જહાજની હાજરીથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી અટકશે અને અહીં સલામત દરિયાઈ વ્યવહારને પ્રોત્સાહન મળશે.

ભારતીય તટરક્ષક દળ ભારતના દરિયાઈ પર્યાવરણનું રક્ષણ કરવા અને દરિયાઈમાં જીવન અને સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. આઈ.સી.જી.એસ. સમુદ્ર પાવકની આ પુનઃ સ્થાપના દરિયાઈ પ્રદૂષણ સામેનું આ એક મહત્વનું પગલું સાબિત થશે.

આઈ.સી.જી.એસ. સમુદ્ર પાવક કચ્છના વ્યૂહાત્મક અખાતમાં પ્રદૂષણ સામેની ક્ષમતાઓને મજબૂત કરવા માટે તારીખ ૧ એપ્રિલના રોજ વાડીનાર ખાતે પુનઃ સ્થાપિત કરવામાં આવ્યું છે. આનાથી દરિયાઈ પ્રદૂષણના જોખમોનો સામનો કરવા માટે આઈ.સી.જી.ની કાર્ય ક્ષમતાઓમાં વધારો થશે. સાથે સાથે પર્યાવરણીય રીતે સંવેદનશીલ જીવોના સંરક્ષણનું સંકલન પણ ઝડપી બનશે.

# ખંભાળિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં જળસ્તર તળિયેઃ નર્મદા નીર પર આધાર

## અનિયમિત અને અપૂરતા મળતા નર્મદાના પાણીથી લોકો પરેશાન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયા સહિત જિલ્લામાં આવેલા દરિયાકાંઠા પર આવેલા કેટલાક ગામોમાં વાવ-કુવા-બોરના પાણી વિવિધ કારણોસર પીવા લાયક નહીં રહેતા આ ગામોના લોકોને પીવાના પાણીનો આધાર નર્મદાના નીર ઉપર રાખવો પડે છે. ત્યારે નર્મદાના નીર અનિયમિત આવતા હોવાથી આવા ગામડાઓને છેલ્લા એકાદ માસથી પીવાના પાણીની સમસ્યાનો સામનો કરવો પડતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ખંભાળિયા તાલુકાના સલાયા બંદરથી આગળ જતા જિલ્લાની દરિયાઈ પટ્ટી વિસ્તારમાં આવેલા ગામડાઓ ઝાંકસીયા, બેરાજા, નાના આસોટા, મોટા આસોટા, દાત્રાણા, બેહ, વિગેરે ગામોમાં એકાદ માસ પહેલા જ બોર, કૂવાના પાણી તળિયે બેસી જવા તથા પાણી ભાંભરા બની જવાના કારણે પીવાના પાણી માટે મોટી સંખ્યામાં ગ્રામજનોને હવે નર્મદાના પાણી પર જ આધાર રાખવો પડે છે. પરંતુ આ વિસ્તારમાં ત્રણ કે ચાર દિવસે નહીં પરંતુ આઠ-દસ દિવસે પાણી આપવામાં આવતું હોવાથી ગ્રામજનો ભારે હાલાકીમાં મુકાઈ રહ્યા છે. ઘર ઉપયોગમાં તેમજ પીવાના માટેના પાણીનો વિશાળ જથ્થો સંગ્રહ કરી શકાય એવી સગવડતા તમામ પરિવારો પાસે ન હોવાથી તેઓ કફોડી હાલતમાં મુકાઈ રહ્યા છે. આ મુદ્દે આગેવાનો દ્વારા પાણી પુરવઠા બોર્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવે છે, તો એવો જવાબ આપવામાં આવે છે કે ઉપરથી પાણીનો જથ્થો વધારવામાં આવશે તો આપને વધુ પાણી આપી શકાય. આ સ્થિતિના કારણે ગામડાના લોકોની પરિસ્થિતિ દિવસે દિવસે દયાજનક બની રહી છે. ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ અંગે જરૂરી પગલાં લઈ અને અનિવાર્ય એવા પાણીના આ પ્રશ્ને તાકીદે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તેવી વ્યાપક માંગ ઉઠવા પામી છે.

# ખંભાળિયાના યુવા કાર્યકરો દ્વારા સાંસદને ભારત માતાનું સ્મૃતિચિહ્ન અર્પણ કરાયું



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયાની રાજપુત સમાજની વાડી ખાતે તાજેતરમાં યોજાઈ ગયેલા એક કાર્યકર્તા સંમેલનમાં ખાસ ઉપસ્થિત રહેલા જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંસદ સભ્ય પૂનમબેન માડમનું જિલ્લા યુવા મોરચાની ટીમ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતુ. જેમાં જિલ્લા પ્રમુખ વનરાજસિંહ વાઢેર સહિતની ટીમ દ્વારા સાંસદ પૂનમબેન માડમને ભારત માતાનુંસ્મૃતિચિહ્ન અર્પણ કરી અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ખંભાળિયા પંથકમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં હાલ ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સ્થાનિક પોલીસ મથકના ઈન્ચાર્જ બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે આવેલી સરકારી સ્કૂલ પાસે રહેતા સુરેશ ધનાભાઈ ડગરા નામના ૪૨ વર્ષના શખ્સ દ્વારા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી અને ચલાવતા જુગારના અખાડામાંથી પોલીસે આરોપી સુરેશ ડગરા સાથે તેજા પાલા ડગરા, માલસી ખેતા ઢચા, વિજય આલા માતંગ અને પુના ભુરા રાઠોડ નામના પાંચ શખ્સોને દબોચી લીધા હતા.

પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૪૮,૮૦૦ રોકડા તથા રૂપિયા ૬,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૫૪,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. બી.જે. સરવૈયા, હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ કરમુર, જેઠાભાઈ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણા દ્વારા કરવામાં આવી હતી.

# ચ્યવનઋષિ આશ્રમ સુત્રાપાડા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨

ચ્યવન ઋષિ આશ્રમ સુત્રાપાડા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો જેમાં રક્તદાતાઓ દ્વારા ૩૫ બોટલ રક્તદાન કરવામાં આવેલ હતું રક્તદાન એ મહાદાન છે રક્તની એક બુંદ થી ઘણા બધાને નવી જિંદગી પ્રાપ્ત થાય છે જેમાં લાઈફ લાઈન બ્લડ બેન્ક જુનાગઢ ના સહયોગથી મદદગાર ફાઉન્ડેશન સુત્રાપાડા તેમજ ઋષિ આશ્રમ સેવા સમિતિ સુત્રાપાડા દ્વારા સુંદર મજાનું આયોજન કરી પોતાની સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યા હતા ખૂબ જ જહેમત ઉઠાવી કાર્યક્રમને દિપાવ્યો હતો.

(તસવીર : જાદવ ચુડાસમા)

# સન સ્ટ્રોક (લૂ) થી બચવાના આરોગ્યલક્ષી સૂચનો

વેરાવળ તા.૨

રાજ્યભરમાં કાળઝાળ ગરમી અનુભવાઈ રહી છે. લૂ લાગવાના કિસ્સાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે હાલના ધોમધખતા ઉનાળામાં હીટ વેવથી બચવા માટે, નાગરિકો દ્વારા કેટલીક આવશ્યક તકેદારી રાખવાથી અસહ્ય ગરમીથી રાહત મેળવી શકાશે. માથું દુઃખવું, પગની પીંડીઓમાં દુઃખાવો, શરીરનું તાપમાન વધવું, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછું થવું, ઉલટી, ઉબકા, ચક્કર, આંખે અંધારા આવવા, બેભાન થઈ જવું, સુધ-બુધ ગુમાવી દેવી, અતિ ગંભીર કિસ્સાઓમાં ખેંચ આવવી વગેરે હીટ વેવનાં લક્ષણો છે. હીટ વેવ દરમિયાન જરૂરી ન હોય તો ઘરની બહાર નીકળવાનું ટાળવું. આખુ શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ ખુલતા કપડા પહેરવા. ટોપી, ચશ્મા, છત્રીનો ઉપયોગ કરવો જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓએ તડકામાં વિશેષ કાળજી લેવી. ભીના કપડાથી માથું ઢાંકી રાખવુ.અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું, અને વારંવાર ઠંડુ પાણી પીવું, દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું, શક્ય હોય તો લીંબુ-શરબત પીવું, ગરમીમાં બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું. લીંબુ-શરબત, મોળી છાશ, તાડફળી અને નારીયેળનું પાણી, ખાંડ-મીઠાના પીણાં પીવા જોઈએ. બજારમાં મળતો ખુલ્લો તેમજ વાસી ખોરાક, બરફનો ઉપયોગ ટાળવો. લગ્ન પ્રસંગમાં દૂધ-માવાની આઈટમ ખાવી નહીં.

ચા-કોફી અને આલ્કોહોલના સેવનથી લૂ લાગવાની શક્યતા વધે છે. તેથી તેનું સેવન કરવાનું ટાળવું. બપોરે બે થી ચાર વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળવું. લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર કે સરકારી દવાખાનાનો સંપર્ક સાધવો જોઈએ.

ખેડૂતોએ કૃષિ માટે ઊભા પાકને વારંવાર પિયત આપવુ, અને નિંદામણ કરીને જમીનને ભેજવાળી રાખવી જોઈએ. ગાય-ભેંસો સહિતના પ્રાણીઓને છાંયડામાં રાખવા અને પીવા માટે પુષ્કળ પ્રમાણમાં ઠંડુ અને સ્વચ્છ પાણી આપવું. મરઘા ઘરમાં પડદા અને યોગ્ય વેન્ટિલેશન રાખવું જોઈએ. બપોરના કલાકો દરમિયાન ઢોરને ચરાવવા લઈ જવા કે દાણ આપવાનું ટાળવું જોઈએ. આટલા ઉપાયો કરવાથી લૂથી બચી શકાશે.


## :: જાહેર હરાજી ::

**વિષય : અત્રેનાં સા.આ. કેન્દ્ર બિલખા તા. જી. જૂનાગઢ ખાતે ભંગાર માલની હરાજી બાબત.**

આથી ઉપરોકત વિષય અન્વયે અત્રેના સામુહિક આરોગ્ય કેન્દ્ર બિલખા તા. જી. જૂનાગઢ ખાતે આથી લાગતા વળગતા વેપારી ભાઈઓ તથા અન્ય પેઢીઓને જણાવવાનું કે અત્રેના સા.આ. કેન્દ્ર બિલખામાં ખુરશી, ટેબલ, પંખા, લોખંડના કબાટ, લાકડાના ભંગારનો નિકાલ કરવાનો જે બદલ જાહેર હરાજી કરવાની થાય છે. જેથી ભાગ લેનાર ઈચ્છુક વેપારી ભાઈઓ તથા અન્ય પેઢીઓ નીચે જણાવેલ સ્થળ, સમય પર તથા નીચેની તમામ શરતોને આધીન રહીને હાજર રહેવા જણાવવામાં આવે છે.

**તારીખ : ૦૮/૦૪/૨૦૨૪**

**સમય : બપોરે ૦૧:૦૦ કલાકે**

**સ્થળ : સામુહિક આરોગ્ય કેન્દ્ર બિલખા, લીમડા ચોક, ગ્રામ પંચાયત બિલખા પાસે ગામ બિલખા તા. જી. જૂનાગઢ**

: શરતો :

(૧) ઉપરોકત માલસામાન રૂબરૂ જોવા માટે તા. ૦૫/૦૪/૨૦૨૪ સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી રૂબરૂ જોઈ શકાશે. તથા હરાજીનાં દિવસે બપોરે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ સુધીમાં દરમ્યાન રૂબરૂ જોઈ શકશે.

(૨) ઉપરોકત હરાજી એ સરકારશ્રીના નિયમોનુસર જ થશે. જેથી તમામ ભાગ લેનાર વેપારી ભાઈઓ તથા અન્ય પેઢીઓને તે નિયમોને બંધનકર્તા રહેશે.

(૩) માલ જે તે જગ્યાએથી આપના ખર્ચે ઉપાડવાનો રહેશે તથા આપના ખર્ચે લઈ જવાનો રહેશે.

(૪) ભાગ લેનાર તમામ એ હરાજી શરૂ થયા પહેલા સિકયોરીટી ડિપોજીટ અત્રેની હરાજી કમીટીમાં રૂા. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) જમા કરાવવાના રહેશે. હરાજી પૂર્ણ થયા બાદ તે ટોકનથી પરત કરવામાં આવશે. ભાગ લેનારને અંતે વધુ ભાવ આપશે અને તેને વર્ક ઓર્ડર આપવામાં આવશે અને અંતે જો તે નિશ્ચિત રકમ નહી ભરે તો નિયમોનુસર ભરેલ સિકયોરીટી ડિપોજીટ જપ્ત કરવામાં આવશે.

(૫) હરાજીમાં જે વેપારી ભાઈઓ તથા અન્ય પેઢીઓ સૌથી ઉંચા ભાવ આપશે તેમને વર્ક ઓર્ડર આપવામાં આવશે અને વર્ક તે જ સમયે માલના પુરા રોકડા ભર્યા બાદ જ માલ ઉપાડવાનો રહેશે.

(૬) ઉપરોકત તારીખ અને સમય દરમ્યાન સમયસર આવવાનું રહેશે. જો કોઈ પાછળથી હરાજીમાં ભાવ લેવા માગશે તો હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

સહિ અવાચ્ય

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફીસર, સીએલ-૧

રેફરલ હોસ્પીટલ એન્ડ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર

બિલખા, જી.જૂનાગઢ

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે જૂનાગઢની મુલાકાતે

## ભાજપનાં કાર્યકર્તાઓ સાથે મહત્વની બેઠક યોજશે : અંદરો અંદરનાં વિખવાદ-જુથવાદ તેમજ ખાસ કરીને જૂનાગઢનાં લોકોની સમસ્યા અંગે પણ ચર્ચા થાય તેવા નિર્દેષો



જૂનાગઢ તા. ૨

આગામી લોકસભાની ચુંટણીનાં અનુસંધાને ભાજપનાં ટોચનાં નેતાઓ દ્વારા પ્રચાર ઝુંબેશ વેગવાન બનાવેલ છે. અને વિવિધ શહેરોની મુલાકાતે આવી અને પક્ષનાં કાર્યકર્તાઓ સાથે અતિ મહત્વની બેઠકો પણ યોજી રહયા છે ત્યારે ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે જૂનાગઢની મુલાકાતે આવી રહયા હોવાનું જાણવા મળે છે. મુખ્યમંત્રીની જૂનાગઢની મુલાકાત અતિ મહત્વની બની રહેનાર છે. અને પક્ષનાં કાર્યકર્તાઓને માર્ગદર્શન પણ આપનારી આ બેઠક બની રહેશે તેમ મનાય છે.

લોકસભાની ચુંટણીનાં અનુસંધાને જૂનાગઢની મુલાકાતે આવતીકાલે આવી રહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ભાજપનાં નવા કાર્યાલય એટલે કે ગિરનાર કમલમ ખાતે પક્ષનાં કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી શકે છે તેમજ જીલ્લા ભાજપ કાર્યાલયની પણ મુલાકાત લઈ અને આગેવાનો સાથે બેઠક યોજે તેવા નિર્દેશો મળી રહયા છે. એક એવી પણ બાબત આધારભુત રીતે ચર્ચાનો વિષય બની છે કે પક્ષનાં કાર્યકર્તાઓ વચ્ચેનાં વિખવાદોને સમાવવા માટેની પણ કવાયતો પણ હાથ ધરવામાં આવશે અને કાર્યકર્તાઓ સાથેની બેઠકમાં લોકસભાની ચુંટણી અંગેનું માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવશે. જૂનાગઢની મુલાકાતે મુખ્યમંત્રી આવી રહયા છે ત્યારે આ મુલાકાત અંગેની હાલ તૈયારીઓ ચાલી રહી છે. તો બીજી તરફ એક એવી વાત પણ બહાર આવે છે કે જૂનાગઢ ભાજપ શાસિત મનપાનાં શાસકોની કામગીરીથી જૂનાગઢની જનતા અનેક પ્રશ્ને ત્રાહીમામ પોકારી ગઈ છે. ખાસ કરીને વોંકળા ઉપરનાં ગેરકાયદેસર બાંધકામો, જળ હોનારત, રસ્તા સહિતનાં અનેકવિધ પ્રશ્ને શહેરની જનતા પીડાઈ રહી છે ત્યારે આગામી લોકસભાની ચુંટણીમાં જૂનાગઢનાં મતદારો કેવો મિજાજ અપનાવશે તે અંગેની પણ સમીક્ષા કરવામાં આવે તેવું મનાય છે.

તેમજ રઘુવંશી લોહાણા સમાજ જે જૂનાગઢ લોકસભાની બેઠકનાં ઉમેદવાર રાજેશ ચુડાસમાથી નારાજ છે તો તે બાબતે પણ મહત્વનાં અભિપ્રાય લેવામાં આવે તેવા નિર્દેશો મળે છે. ટુંકમાં મુખ્યમંત્રીની આવતીકાલની જૂનાગઢની મુલાકાત ઘણા મુદાને લઈને મહત્વની બની જવાની છે. જૂનાગઢની લોકસભાની બેઠક માટે ભાજપનાં કાર્યકર્તાઓ મતદારોને કઈ રીતે આકર્ષી શકે અને ભાજપ તરફી આખો સમુહ વળી શકે તે માટેની રણનીતિ ઘડાશે તેવું ચર્ચાય છે.

### લોકોના પ્રાણ પ્રશ્નો અંગે લડત માટે મેદાને આવેલ

# જૂનાગઢ હિત રક્ષક સમિતિમાં જોડાવવા નગરજનોને અપીલ

## ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ મંત્રી જેન્તીભાઈ શીલુ દ્વારા લોકોને અનુરોધ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ મંત્રી જેન્તીભાઈ શીલુ દ્વારા નગરજનોને જૂનાગઢ હિત રક્ષક સમિતિમાં જોડાવવાની અપીલ કરવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢ શહેરની આજની પ્રાથમિક જરૂરીયાત માટે લોકો પારાવર મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. કોર્પોરેશન બન્યાને આજે ૨૦ વર્ષ પછી પણ લોકોને સારા રોડ, રસ્તા, પાણી, ગટર, ઢોર-કુતરા, ફાટક અને અનેક પ્રશ્નો અંગે પ્રજા હાડમારી વેઠી રહી છે. કોર્પોરેશનના અધિકારી અને ચુંટાયેલા પ્રતિનિધીઓને વાર વાર લેખિત - મૌખિક રજુઆતો કરવા છતા પણ કોઈ કામગીરી થતી નથી. કરોડો રૂપિયાની ગ્રાન્ટ કોર્પોરેશનને મળે છતા શહેરના વિકાસ માટે કોઈ નકકર કામગીરી થતી નથી. આવી પરિસ્થિતી વચ્ચે પ્રજાના પ્રશ્નો ઉકેલવા પ્રત્રકાર ધિરૂભાઈ પુરોહિત અને એડવોકેટ કે. બી. સંઘવી દ્વારા લોકોના હિત માટે "હિત રક્ષક સમિતિ"ની રચના કરી જૂનાગઢને એક નવી દિશા આપવા નેતૃત્વ કર્યુ છે. આ હિત રક્ષક સમિતિમાં જૂનાગઢના નગરજનોને જોડાઈ જવા જૂનાગઢના જાગૃત નાગરિક અને પૂર્વ મત્રી ગુજરાત રાજય પ્રા. શિક્ષક સંઘના જેન્તીભાઈ શીલુએ અપીલ કરી છે. આજે જૂનાગઢની જાગૃત પ્રજાને બધી ખબર છે કે, કોર્પોરેશનની કામગીરી કેવી રીતે ચાલી રહી છે. ચુંટાયેલા પ્રતિનિધીઓ લોકોની વેદના અવાજ સાંભળતા નથી. ૨૦ વર્ષથી આપણે રાહ જોઈ રહ્યા છીએ અને હજી કેટલા વર્ષ રાહ જોવી છે. આવી વિષમ પરિસ્થિતિ વચ્ચે જૂનાગઢ શહેરના હિત માટે 'હિત રક્ષક સમિતિ' આગળ આગળ આવી છે. તાજેતરમાં તા.૩૦-૩-૨૦૨૪, શનિવારના રોજ શિવમ પાર્ટી પ્લોટમાં હિત રક્ષક સમિતિના આદેશથી ૫૦૦થી વધારે લોકો સ્વયભૂ ઉમટી પડયા હતા અને પોત-પોતાના વિસ્તારની ફરીયાદ કરી હતી અને લેખિતમાં પણ સૂચનો આપ્યા હતા. દર વર્ષે રસ્તા બને અને તુટે પ્રજાજનો દિવાળીનો તહેવાર લગભગ ધૂળ-ડમરી વચ્ચે ઉજવતા હોય, આ અગાઉ કમિશ્નર અને મેયરને લેખિતમાં અરજી આપી હતી. વર્તમાન પત્રોમાં પણ ખાસ નોધ લેવામાં આવી હતી કે, નવો રોડ બન્યો ત્યારે કેટલા રૂપિયાના ખર્ચમાં આ રોડ બન્યો છે. કઈ એજન્સી છે જેણે રોડ બનાવ્યો, કેટલા સમયનો ગેરંટીનો પીરીયડ છે. કઈ તારીખે આ રોડ બનેલ છે. આવા બોર્ડ વારવાર પ્રજા જુએ તે માટે મુકવા રજુઆત કરી હતી. પરંતુ એક વખત મોતીબાગથી શરૂ થતાં રોડમાં અમલવારી કરી બોર્ડ મુકયો, કામ પુરૂ થયું તો બોર્ડને કાઢી લેવામાં આવ્યું. કોર્પોરેશન બન્યાને વર્ષો પછી પણ પ્રજાને કોઈ નવી સુવિધા મળી નથી. સીનીયર સીટીજનો, બાળકો માટે એક અદ્યતન લાયબ્રેરી બનાવાવમા આવે કે જે રાજકોટમાં બાબુભાઈ વૈદ્ય લાયબ્રેરી, રૈયા રોડ ઉપર છે. ગુજરાતમાં કયાય આવી લાઈબ્રેરી નથી. આ લાઈબ્રેરી આખી એ. સી. છે. સિનીયર સીટીઝનો ત્યા બેસીને વર્તમાન પત્રો, પુસ્તકો વાચી શકે, બાળકો માટે અદ્યતન રમકડાઓ ઘરે આપેલ મુદત પ્રમાણે ઘરે લઈ જઈ રમીને પરત કરે છે. વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર, વાઈ-ફાઈની સુવિધા સાથે ત્યા બેસીને ફી તેઓનું કાર્ય કરી શકે છે. આ અંગે તાત્કાલીક કમિશ્નર તુષાર સુમેરાને રૂબરૂ મળીને રજુઆત કરી હતી તો તેમણે કહયુ હતુ કે પહેલી વખત જૂનાગઢ માટે સારી રજુઆત આવી છે. આવતા જનરલ બોર્ડમા હું તમારી રજુઆત મુકીશ. મેયરને પણ લખીતમાં રજુઆત આપેલ અને વર્તમાન પત્રોમાં આની ખાસ નોધ લેવામાં આવેલી. પરંતુ કોર્પોરેશન તરફથી કોઈ પરીણામ મળ્યું નહી. ટુકમાં નવા પ્રજાલક્ષી કામો કરવામાં કોર્પોરેશનમાં કોઈ હકારાત્મક અભીગમ નથી. શિવમ પાર્ટી પ્લોટની મીટીગમાં તમામ હાજર રહેનારા ૫૦૦થી વધુ લોકો માટે હિત રક્ષક સમીતીએ ચા - પાણી, જમવાની વ્યવસ્થા કરેલ હતી., પરતુ હાજર રહેનારા લોકોનું કહેવાનું થયું કે આ ખર્ચ આ કમીટી કેવી રીતે કરી શકશે તેમની પાસે કોઈ પાર્ટીનું ભંડોળ નથી. જેથી લોકોના કામ માટે લડતી આ સમીતી ને ખર્ચ કરવા ન દેવાય જેથી ટેલીફોન થી કે સોશ્યલ મીડીયા દ્વારા આપણે આ સમીતીને કહેશું કે જૂનાગઢના વિકાસ માટે અમે તમારી સાથે છીએ અને આવતી મીટીગમાં માત્ર પાણીની જ વ્યવસ્થા રાખવાની જૂનાગઢ શહેરના વિકાસ માટે ૪ થી ૫ કલાક અમો આપીશું. જૂનાગઢ કોર્પોરેશનની સામે વિવિધ પ્રશ્નો અંગે લડત આપતી હિત રક્ષક સમીતીમાં તમામ લોકોનો જનપ્રતિસાદ મળે તો જ આપણે આપણા શહેરના વિકાસ કરી શકશું. ફરી આવતી મીટીગમાં હજારો લોકો જોડાયને આ સમીતીને ખાતરી આપીએ તેઓ અનુરોધ કરવામાં આવ્યો છે.


# જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે તા.૧૫ એપ્રિલથી પક્ષી-પ્રાણીઓ માટે ઠંડકની વ્યવસ્થા ગોઠવાશે


## ઉનાળો દિવસે-દિવસે આકરો બની વરસી રહ્યો છે ત્યારે સક્કરબાગ ઝુમાં રહેલા પક્ષી-પ્રાણીઓને ગરમીના આ વાતાવરણમાં ઠંડક પહોંચાડવા કરાશે આયોજન


















(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢના વિખ્યાત સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે ઉનાળા આ આકરા તાપ વચ્ચે પક્ષી-પ્રાણીઓને ઠંડક આપવાના હેતુથી દર વર્ષે આગવી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે અને પાંજરાઓમાં સુંદર મજાની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. આ વર્ષે પણ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના પક્ષી-પ્રાણીઓને માટે ઠંડકની વ્યવસ્થા ગોઠવવા આગવું આયોજન કરવામાં આવેલ છે અને આગામી તા.૧૫ એપ્રિલથી આ કામગીરીનો પ્રારંભ કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

એશિયાટીક લાયનની જયાં સંવર્ધનનું કામ ખુબ જ સુંદર રીતે થાય છે તેવા જૂનાગઢ-રાજકોટ માર્ગ ઉપર આવેલા સક્કરબાગ પ્રાણી સંગ્રાહલયની ખ્યાતી દુર-દુર સુધી ફેલાયેલી છે. તહેવારોના દિવસો તેમજ વેકેશનમાં અહીં પર્યટકો પોતાના પરિવાર સાથે મોટી સંખ્યામાં આવે છે. જૂનાગઢ ખાતે આવેલા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં પક્ષીઓની અનેક જાતો તેમજ સિંહ, દિપડા, વાઘ સહિતના પ્રાણીઓ તેમજ પેટે ચાલનારા જીવોથી લઈ અને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ગુંજતું રહે છે. અહીં આવનારા પ્રવાસી જનતાને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં પગ મુકતા જ પક્ષી અને પ્રાણીઓની અલગ દુનિયા જોવાનો લ્હાવો મળે છે. આવા સક્કરબાગ પ્રાણી સંગ્રાહલયમાં ઉનાળાના આ દિવસોમાં તમામ જીવોને પુરતી ઠંડક મળે તે માટેની વ્યવસ્થા દર વર્ષે ગોઠવવામાં આવે છે. ખાસ કરીને પક્ષીઓ, પ્રાણીઓના નિવાસ સ્થાનમાં ઠંડક માટેના ઉપાયો, ગ્રીન નેટ, બરફની વ્યવસ્થા તેમજ ઠંડકતા ભર્યુ વાતાવરણ રહે અને ઉનાળાના આ દિવસોમાં ગરમીના આક્રમણ સામે સરળતાથી સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની જીવ સૃષ્ટી રહી શકે તેવી સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવે છે અને આ વર્ષે આગામી તા.૧૫ એપ્રિલથી ઠંડક માટેની કામગીરી હાથ ધરવામાં આવશે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

# તોરણીયા નકલંકધામમાં આગામી રવિવારે પૂ. સેવાદાસ બાપુની પૂણ્યતિથિની ઉજવણી થશે

જૂનાગઢ તા. ૨

ધોરાજી નજીક આવેલા તોરણીયામાં સંતશ્રી સેવાદાસ બાપા આશ્રમ ધારેશ્વર મહાદેવ મંદિર નકલંકધામ ખાતે આગામી તા. ૭ એપ્રીલનાં રવિવારનાં રોજ પ.પૂ. સંતશ્રી સેવાદાસ બાપુની ૪૧મી પૂણ્યતિથીની ભાવભેર ઉજવણી કરવામાં આવશે. જેમાં સાંજે ૫ કલાકે અખીલ ભારતીય સંત સમીતી ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ પૂ. રાજેન્દ્રદાસ બાપુ દ્વારા ધર્મસંમેલન, પૂજનનું આયોજન કરવામાં આવેલ છે. અને સંતો ઉપસ્થિત રહી પ્રવચન આપશે. તેમજ રાત્રીનાં સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ પણ યોજવામાં આવશે જેમાં નામી કલાકારો દ્વારા સંતવાણીનો કાર્યક્રમ આપવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજક અને સેવકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ધર્મપ્રેમી જનતાને લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તોરણીયામાં આવેલા નકલંકધામ ભાવિકોની આસ્થાનું કેન્દ્ર છે. અહી દૂર દૂરથી ભાવિકો દર્શનાર્થે પધારે છે. તેમજ અનેકવિધ સેવાકીય કાર્ય તેમજ ધાર્મિક કાર્યો યોજવામાં આવતા હોય છે.

# પુરૂષોતમ રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગણી સાથે જૂનાગઢમાં રાજપૂત સમાજ દ્વારા આવેદનપત્ર અપાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાએ રાજપુત સમાજ સામે કરેલ વાણી વિલાસના સમગ્ર રાજયમાં ઘેરા પડઘા પડયા છે. ઠેર-ઠેરથી આવેદનો આપી વિરોધ વ્યકત કરાઈ રહ્યો છે. આ મુદ્દે જૂનાગઢનો રાજપુત સમાજ પણ મેદાનમાં આવ્યો છે. ગઈકાલે જૂનાગઢના રાજપુત સમાજની તમામ સંસ્થાઓ વતી શ્રી રાજપુત સમાજે એક આવેદનપત્ર મુખ્ય ચૂંટણી અધિકારીને આપ્યું છે. આ આવેદનપત્રમાં જણાવાયું છે કે, રાષ્ટ્ર અને હિન્દુત્વની રક્ષા માટે ક્ષત્રીય સમાજે અસંખ્ય બલીદાનો આપ્યા છે, ૫૬૨ રજવડાઓ રાષ્ટ્રને સમર્પિત કર્યા છે. ત્યારે આ સમાજ સામે અભદ્ર ટિપ્પણી કરી પુરૂષોતમ રૂપાલાએ સમાજની લાગણી દુભાવી છે. ત્યારે પુરૂષોતમ રૂપાલાનું રાજકોટ લોકસભાનું ઉમેદવારી પત્ર રદ થાય તેવી રાજપુત સમાજની માંગ છે. વિશેષમાં આ તકે ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, અમે ત્રણ દિવસનું અલ્ટિમેટમ આપીએ છીએ. જો યોગ્ય નહી થાય તો રાજકોટમાં મહા સંમેલન યોજાશે. જેમાં લાખોની સંખ્યામાં રાજપુત સમાજના લોકોની ઉપસ્થિતિ રહેશે તેવી સંભાવના છે. અમે પણ સંમેલનમાં જશું. જો તેમ છતાં પણ યોગ્ય નહી થાય તો જયાં સુધી પુરૂષોતમ રૂપાલાની ટિકીટ રદ નહી થાય ત્યાં સુધી લડત જારી રખાશે તેમ જણાવ્યું હતું.

# વંથલી : મંજૂરી વગર પૂતળા દહન, સૂત્રોચ્ચાર કરતા આચારસંહિતા ભંગ અંગે પાંચ સામે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા સામે અરજી કરનાર સહિત ૫ શખ્સ સામે મંજૂરી વગર પૂતળા દહન, સૂત્રોચ્ચાર કરતા કાર્યવાહી હાથ ધરી જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે આપેલી વિગત અનુસાર ૨૯ માર્ચે ગોંડલ ખાતે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા દ્વારા આપવામાં આવેલ વકતવ્યના વિરોધમાં ગઈકાલે સોમવારે સાંજે વંથલીમાં ડોકટર બાબા સાહેબ આંબેડકર ચોક ખાતે મંજૂરી વગર રૂપાલાના પૂતળા દહન અને સૂત્રોચ્ચાર કરવા સબબ વંથલીના હેડ કોન્સ્ટેબલ ટી.એચ. મેવાડાએ સરકાર તરફે ફરિયાદી બની સાતલપુરના અજયભાઈ નાનજીભાઈ વાણવી, નિલેશભાઈ મોહનભાઈ વાણવી, નાવડા ગામના હરસુખભાઈ જગદીશભાઈ ચૌહાણ, કાજલિયાળાનાં સુરેશભાઈ સંજયભાઈ વાઘેલા અને વંથલીના સંજયભાઈ કારાભાઈ વાણવી સહિત ૫ શખ્સ વિરૂદ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા મુજબ આદર્શ આચાર સંહિતાના બહાર પાડેલ જાહેરનામાનો ભંગનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. વધુ તપાસ મહિલા એએસઆઈ એસ.એમ. મકવાણા ચલાવી રહ્યા છે.

# વંથલીના લુવારસર ગામેથી દેશી હાથ બનાવટનો કટ્ટો અને કાર્ટીસ સાથે એક ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨

વંથલી તાલુકાના લુવારસર ગામ નજીકથી દેશી હાથ બનાવટનો કટ્ટો(બંદુક) અને કાર્ટીસ સાથે એક શખ્સને પોલીસે ઝડપી લીધેલ છે. પોલીસે આપેલી વિગત અનુસાર વંથલી પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ ભરતસિંહ કાથડભાઈએ વાડલા ગામના અરવિંદ વલ્લભભાઈ મકવાણા કોળી(ઉ.વ.૩૭) વિરૂધ્ધ જાતે ફરિયાદી બની અને પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીને જાહેરમાં ગેરકાયદેસર હથિયાર આધારપરવાના વગર દેશી હાથ બનાવટનો કટ્ટો(બંદુક) નંગ-૧ કિ.રૂા.૧ હજાર તથા કાર્ટીસ નંગ-૧ કિ.રૂા.૧૦૦ મળી કુલ રૂા.૧૧૦૦ના મુદ્દામાલ સાથે તેને ઝડપી લઈ અને હથિયારબંધીના જાહેરનામાના ભંગ અંને તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ વંથલીના પીએસઆઈ વાય.બી. રાણા ચલાવી રહ્યા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.